
# અધ્યાત્મ




વર્ષ : ૨૩ મે : ૨૦૦૨ અંક : ૮

## * નિર્વેર કેમ થવાય? *

કેટલાક માણસો પૂછે છે કે નિર્વેર કેમ થવાય. આપણે કહીશું કે નિર્વેર થવાનું કામ કાંઇ કઠિન નથી. એક પહેલવાનની સામે બીજા વધારે જબરા ને બળિયા પહેલવાનને મૂકો, એટલે તે પહેલવાનનું કાંઇ જ નહિ ચાલે. તે પોબારા ગણી જશે. અંધકાર ભારે છે, પણ પ્રકાશ કાંઇ ઓછો પ્રબળ નથી. અંધકારથી ડરવાને બદલે તેની પાસે પ્રકાશને તૈયાર કરી દો. એટલે તેના પ્રભાવથી જ અંધકાર આપોઆપ પલાયન થઇ જશે. અંધકારનો અંત કેમ આવી શકશે એવી ચિંતા કરવાની જરૂર નથી. ઘરમાં ગંદકી વધી હોય તેને જોઇને બેસી રહેવાથી શું વળશે? ગંદકીથી ગભરાવાની જરૂર નથી. સ્વચ્છતા પ્રત્યેનો પ્રેમ કેળવો. સ્વચ્છતાનું મહત્ત્વ સમજી લો, ને સ્વચ્છતાની સાધના શરૂ કરી દો. ગંદકીનો ઉપાય કરો. એટલે ગંદકીથી મુક્તિ આપોઆપ મેળવશો. વેરભાવને બદલે પ્રેમભાવને પ્રકટ કરો. તમારા હૃદયને પ્રેમના પવિત્ર પ્રવાહથી પુલકિત કરી દો. પાવન કરી દો. માનવને માટે જ નહિ, જીવમાત્રને માટેનો પવિત્ર પ્રેમ તેમાં જગાવી દો. માણસો માણસોની દયા ખાય છે, ને સેવા કરે છે, પણ બીજા જીવો પ્રત્યે પ્રેમ રાખતા નથી. બીજા જીવોનું દુઃખ જોઇને તેમનું હૃદય રડી ઊઠતું નથી. સંસારના સર્વ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ જગાવો. પ્રભુ સૌમાં રહ્યા છે એમ માની સૌના તરફ પ્રેમભર્યો વર્તાવ કરો. સૌને પ્રેમથી બોલાવો ને, સૌની સેવા કરવા તૈયાર રહો. આવી રીતે પ્રેમના પરમ દેવતાની દિલના દૈવી આસન-પર પ્રતિષ્ઠા કરો, એટલે વેરભાવ આપોઆપ દૂર થઇ જશે. પ્રેમનો પ્રભાવ પરખ્યો નથી, ત્યાંસુધી જ તે તમારા પર શાસન કરે છે.

**યોગેશ્વરજી**


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૦૨૧૬૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રી રણછોડદાસજીના પ્રેરક પ્રસંગો | પરમાર્થી | ૧૧ |
| મૃત્યુ મહોત્સવ બની ગયું | મા સર્વેશ્વરી | ૧૭ |
| એક વિરલ ઘટના | વિજયભાઈ કનેરીયા | ૨૩ |
| ઈતના તો કરના સ્વામી | જ્યોત્સ્ના ત્રિવેદી | ૨૮ |
| મૃત્યુ મરી ગયું રે લોલ! | નારાયણ હ. જાની | ૩૩ |
| માંડૂક્ય ઉપનિષદ્ (પ) | યોગેશ્વરજી | ૩૬ |
| New Jersey Sutsung Speech | Hetal Shah | ૪૦ |
| સત્સંગમાં આપેલ વક્તવ્ય | તંત્રી | ૪૪ |
| અધ્યાત્મનો અર્ક | યોગેશ્વરજી | ૪૭ |
| હરિ! તમે | મા સર્વેશ્વરી | પ૨ |
| શું પાયું છે? | યોગેશ્વરજી | પ૪ |
| સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી | યોગેશ્વરજી | પપ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |


○

# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો મે ૨૦૦૨ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઈમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ મે–૨૦૦૨ અંક : ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૧/૯/૮૧ શુક્રવાર, ભાદરવા સુદ બારસ, ૨૦૩૭

સ્થળ : બોલ્ટન શહેર–ઇંગ્લેન્ડ.

સવારે પૂ. શ્રી સમયસર સ્નાન કરી લે છે. ભારત કરતાં અહીં વ્યાયામ વધાર્યો છે. ગીતાપાઠ મંત્રજપ કરી લેખન માટે બેસી જાય છે. દૂધનો સમય થતાં દૂધ લે છે. ફરી લેખન ચાલુ થઇ જાય છે.

આજે મુલાકાતીઓ વિશેષ હતાં. પ્રશ્નોત્તરી શરૂ થઇ શ્રી વિઠ્ઠલભાઇ પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન : આપ જ્યારે તપશ્ચર્યા કરતા ત્યારે કોઇ જંગલી પ્રાણીઓના અનુભવો થયા હતા?

પૂ. શ્રીએ વિસ્તારથી ઉત્તર આપી દેવપ્રયાગની કુટિયાની



વાતો કરી. સર્વેશ્વરીએ પણ એ કુટિયા જોઇ, તે વાત કરી. વળી નવરાત્રીના પાણી ઉપરના ઉપવાસની પણ વાતો થઇ.

એક ભાઇ પોતાના નોકરીયાત જીવનમાંથી બસો પાઉન્ડ પૂ. શ્રીને અર્પણ કરે છે. પૂ. શ્રી ના પાડે છે. તે ભાઇના અતિ આગ્રહને વશ થઇ પૂ. શ્રી સર્વમંગલ ટ્રસ્ટ માટે તે પાછળથી સ્વીકારે છે.

સૌ પ્રણામ કરીને વિદાય થાય છે, ત્યારે પૂ. શ્રી સૌને કાજુનો પ્રસાદ આપે છે.

આ દેશમાં સૂકો મેવો પ્રમાણમાં સસ્તો ને સારો મળે. મુલાકાતીઓ ઘણા તે લાવે છે. અહીં લીલાંફળો અને શાકભાજી પણ બધાં જ મળે. ભીંડા, કારેલાં, બટાકા, તુવેરની શીંગ, ગુવાર-શીંગ, સુરતી ચોળી, પાપડી, રીંગણ, દૂધી, ટામેટાં, વટાણા, પાતરાં અને ખાવાના પાન પણ મળે છે. ભારતના બધાં જ શાકભાજી અહીં મળે છે.

સૌ વિદાય થયા પછી સર્વેશ્વરી મગભાત બનાવે છે. ભોજન લેવાનું બને છે.

આ ઉતારાને બે માળ છે. પહેલે માળે પૂ. શ્રીનો ઉતારો, બીજે માળે રસોડું છે. છેક નીચેના ભાગમાં મોટો સ્ટોર છે, જેમાં અનાજ, કઠોર, ફરસાણ, શાકભાજી, મીઠાઇ બધું જ મળે. બધું પેકેટમાં વજન કરીને તૈયાર જ હોય. ઉપર કિંમત લખી હોય.

યજમાન બેન ખૂબ સેવાભાવી ને શ્રદ્ધાળુ છે, જેથી પૂ. શ્રી માટે પુષ્કળ પ્રમાણમાં ફળો, સૂકો મેવો વગેરેનાં પેકેટો દરરોજ જ લાવે.

ભોજનબાદ આરામ. થોડું લેખન સાંજે થાય છે. પૂ. શ્રી

આજકાલ વિદેશની નોંધ ને રામાયણ બંનેનું લેખન કરે છે.

સાંજની મુલાકાત છ વાગ્યે શરૂ થાય છે. પૂ. શ્રી સફેદ ટુકડાને બદલે ધોતીયું પહેરી લે છે. દ્વાર ખુલે છે.

પ્રશ્નો શરૂ થાય છે.

પ્રશ્ન : મોક્ષ એટલે શું? એના કેટલા પ્રકારો? મોક્ષ કેવી રીતે મળે?

પ્રશ્ન : ગાંધીજી રામમય જીવન જ જીવ્યા, છતાં કેમ ગોળીથી મૃત્યુ પામ્યા?

પૂ. શ્રીએ વિસ્તૃત ચર્ચા મોક્ષ ઉપર કરી. બીજા પ્રશ્નના ઉત્તરમાં પૂ. શ્રીએ રામ, કૃષ્ણ, ઇશુ, સોક્રેટીસ, દયાનંદ સરસ્વતીની અંતિમ અવસ્થાની વાતો કરતાં કહ્યું,

"કર્મના નિયમ પ્રમાણે જે રીતે મરણ લખાયું હોય તે જ રીતે થાય, પણ તે વખતે આપણે આપણું મન કેવું રાખવું તે આપણા હાથની વાત છે."

પ્રશ્નોની ચર્ચા ખૂબ રસપ્રદ હતી. પ્રશ્ન પૂછનારને ખૂબ સંતોષ થઇ ગયો. આજે પ્રાણાયામ, આસનો શીખવા ફરીથી ભાઇબેનો આવી ગયાં. પૂ. શ્રીએ તેમને માર્ગદર્શન આપ્યું. યોગમુદ્રા પણ શીખવાડી. સમય થતાં પ્રવચન થયું. પછી આરામ.

**તા. ૧૨/૯/૮૧ શનિવાર, ભાદરવા સુદ તેરસ, ૨૦૩૭**
**સ્થળ : બોલ્ટન શહેર–ઇંગ્લેન્ડ.**

ગઇ રાતે વરસાદ પડયો હતો. પરમ દિવસે પણ વરસાદ હતો. અહીં થોડીવાર જ વરસાદ પડે પણ હવામાન ખૂબ ઠંડુ થઇ જાય.



આજે સવારે વાદળાઓથી આકાશ છવાયેલું હતું. તેથી સૂર્યપ્રકાશ ન હતો. સવારનો ક્રમ પૂરો કરી દૂધ પીધું પછી પૂ. શ્રી તથા સર્વેશ્વરી પોતપોતાના લેખનમાં મગ્ન બની જાય છે. સાડા અગિયાર ક્યારે થઇ જાય છે, તેનો ખ્યાલ પણ રહેતો નથી.

આજે મુલાકાત બંધ હતી. વિશ્વહિન્દુપરિષદ તરફથી એક અંગ્રેજી સ્કૂલમાં શનિ ને રવિ બે દિવસ ગુજરાતી સ્કૂલ ચાલે છે. સ્કૂલના સંચાલકોએ પૂ. શ્રીનું એક પ્રવચન ત્યાં આગ્રહ કરીને રાખ્યું હતું, જેથી ત્યાં જવાનું બને છે.

શનિરવિની એ શાળામાં પાંચ વર્ગો ચાલે છે. દોઢસો બાળકો લાભ લે છે. શાળા નજીક જ છે. પૂ. શ્રીને લઇ જવા ગાડી આવી ગઇ. પૂ. શ્રી ગાડીમાં બેઠા પછી શાળા નજીક જ છે એ જાણતાં જ પૂ. શ્રીએ ચાલતા જવાનું નક્કી કર્યું.

હવે તડકો નીકળ્યો છે. જેથી ચાલવાનો આનંદ આવ્યો. શાળાના મુખ્ય હોલમાં જવાનું થયું ત્યારે બાળકો ખુરશી ઉપર સમૂહમાં બેઠાં છે. સામે બે સોફા મૂક્યા છે, ત્યાં બેસવાનું બને છે. ફૂલહારથી સ્વાગત થાય છે.

શાળાના આચાર્ય પૂ. શ્રીને હિમાલયના અનુભવો કહેવાની વિનંતિ કરે છે. પૂ. શ્રી બાળકો આગળ બોલવા ઊભા થાય છે. પૂ. શ્રી પ્રશ્નોથી પોતાના વાર્તાલાપની શરૂઆત કરે છે.

હિમાલય નામ જેણે સાંભળ્યું હોય તે આંગળી ઊંચી કરે.

હિમાલય એટલે શું?

હિમ એટલે શું?

પ્રશ્નોત્તરી થયા પછી પૂ. શ્રીએ વિસ્તૃત રીતે હિમાલયની

માહિતી આપી. ગાંધીજીનું નામ સાંભળ્યું છે? એ પ્રશ્ન પૂછી ગાંધીજીની સમાજસેવાની વાતો કરી, વળી પ્રશ્ન પૂછ્યો, ઇંડા ખાઓ છો? જે ખાતા હોય તે આંગળી ઊંચી કરે. તો મોટે ભાગે બધાએ જ આંગળી ઊંચી કરી. દરરોજ સ્નાન કરતા હોય તે આંગળી ઊંચી કરે તો ત્રણથી ચાર જ બાળકોએ આંગળી ઊંચી કરી. માંસ ખાતા હોય તે આંગળી ઊંચી કરે તો પાંચ બાળકોએ આંગળી ઊંચી કરી.

પૂ. શ્રીએ વાર્તાલાપ બાળકોને સીધા સરળ પ્રશ્નો પૂછીને આપ્યો. બાળકોને કંટાળો ન આવ્યો. વાર્તાલાપ પછી શિક્ષક–આચાર્યને પૂ. શ્રીએ કહ્યું કે બાળકોને શિક્ષણસાથે સંસ્કારો પણ આપો. દરરોજ સ્નાન કરવાનું, ઇંડા ન ખાવાનાં, માંસ ન ખાવાનાં કારણો બાળકોને સમજાવો.

અંતે બાળકોએ 'ઓ ઈશ્વર ભજીએ તને' પ્રાર્થના કરી છૂટા પડયા. પૂ. શ્રી તથા શ્રી વિઠ્ઠલભાઇ શ્રી સર્વેશ્વરી વગેરે ફરીથી ચાલીને ઉતારા ઉપર આવી ગયાં.

પછી સર્વેશ્વરી ખીચડી, કઢી ને શાક બનાવે છે. ભોજન લીધા બાદ થોડો આરામ કરી લેખન કર્યું.

સર્વેશ્વરી બોલ્ટન શહેરમાં કામ માટે શ્રી લક્ષ્મીબેન સાથે જાય છે. સાંજે છ વાગ્યે પૂ. શ્રી મુલાકાત માટે તૈયાર થઇ જાય છે.

એક બેન પૂ. શ્રીના ફોટા લે છે તેને દેવસ્થાનમાં ફોટા રાખવા છે. આજની મુલાકાતમાં નાના યુવાન ભાઇબેનો આવી જાય છે. આસન, પ્રાણાયામ, યોગમુદ્રાનું પૂ. શ્રીએ માર્ગદર્શન આપ્યું. એક મુલાકાતી ભાઇને પ્રાણાયામની ભૂલ બતાવી.

એક ભાઇએ પોતાની વાત રજૂ કરતા કહ્યું, હું બ્રહ્મા-



વિષ્ણુમહેશની સ્તુતિ બોલું છું. પછી ગાયત્રીની સ્તુતિ, ગાયત્રી ચાલીસા, ગાયત્રી કવચ, ગાયત્રી ક્ષમાપન ને ગાયત્રીની માળા કરું છું પછી મારા ઇષ્ટદેવ શ્રી કૃષ્ણના જપ કરું છું. ત્યારે મન સ્થિર રહેતું નથી તો શું કરવું?

પૂ. શ્રીએ તેમને સુંદર માર્ગદર્શન આપતા કહ્યું. ઇષ્ટદેવ જો કૃષ્ણ જ હોય તો તેના જ મંત્ર વધારે કરો. તમે કંઇક કરો છો ને કરવા માંગો છો તે જાણી મને આનંદ થયો.

એક વયોવૃદ્ધ ભાઇ કહેવા લાગ્યા. હું પંચાક્ષરની ૪૮ માળા કરું છું. કોઇકવાર મન અસ્થિર બને તો શું કરવું? અમે તો આ દેશમાં છીએ અમને ગુરુ વિના જ્ઞાન કેવી રીતે મળે? અમારા ગુરુ કોણ? તેમના વિના શું કરીએ?

પૂ. શ્રીએ કહ્યું : તમારા ગુરુ ભગવાન શંકર છે એવું માનો. એ જ ગુરુ તરીકે માર્ગ બતાવશે. અને કોઇ માનવરૂપે ગુરુની જરૂર હશે તો પ્રભુ જ કોઇ ગુરુને ન મોકલી આપે? શ્રદ્ધા રાખો. જે રીતે જપ કરો છો તે રીતે ચાલુ જ રાખો.

સમય પૂરો થયો. પ્રશ્નોત્તરી સરસ હતી.

આજનું પ્રવચન થયું જેમાં નારદમુનિની વાતો આવી. પ્રવચન બાદ હોલમાંથી સીધા જ બોલ્ટનહીલ ઉપર જવાનું હતું. તે ટેકરી ઉપરથી આખું શહેર દેખાય.

રાત્રે વીજળીના પ્રકાશમાં રોશનીમાં ચળકતું આખુંયે શહેર જોવા મળ્યું. ટેકરી ઉપર જતાંઆવતાં માર્ગ ઉપર પીળા રંગની વીજળી હતી અને તે માર્ગ ઉપર પીળા રંગની કાચની નાની નાની નિશાનીઓથી માર્ગ છૂટા પાડતી નિશાની જોવા મળી, જેથી ધુમ્મસમાં માર્ગ દેવાય.

ઉતારા ઉપર આવી પૂ. શ્રીએ દૂધ ફળ લીધાં. શીરડી સાંઇબાબાના અનુભવની વાત યજમાનના ભાગીદારને પૂ. શ્રીએ કહી સંભળાવી. પછી આરામ.

બોલ્ટન શહેરની પ્રજા સત્સંગી છે. નિયમિત આવનાર બેનોને સર્વેશ્વરીનાં ભજનોનાં પુસ્તકો જોઇએ છે જેથી તેને ભારતથી મંગાવવાની વ્યવસ્થા કરી.

સમય તો પાણીવેગે વહી રહ્યો છે. વિદેશની ધરતી ઉપર છત્રીસ દિવસ થઇ પણ ગયા. નવું નવું જોવાનું મળ્યું. જાણવાનું મળ્યું.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૩૨૨૮૨૩૧



સંત શ્રી રણછોડદાસજીના

# પ્રેરક પ્રસંગો

સંકલન : પરમાર્થી

### પ્રસંગ : ૧૫

યજ્ઞવિધિ રોજ સાંજે પૂરો થાય. પરંતુ યજ્ઞવેદીમાં અગ્નિ અખંડ રાખવાનો હોવાથી તેમાં દેવતા પડયો હોય અગ્નિ બૂઝાઇ ન જાય એટલા માટે બ્રાહ્મણો રાતનાં એમાં બાવળનાં થડ નંખાવે તેથી અગ્નિ આખી રાત પ્રજ્વલિત રહે અને કોઇએ ફરીથી જોવા પણ ન જવું પડે.

પૂજ્ય શ્રી આખી રાત બધે ફર્યા કરે. ક્યારે કઇ બાજુથી નીકળશે અને કઇ તરફ જશે એ કોઇ જાણી ન શકે.

એક દિવસ રાત્રે એમણે યજ્ઞવેદીમાં બાવળનું લાકડું નંખાતું જોયું. તરત જ બ્રાહ્મણોને બોલાવી કહ્યું : 'બાવળ તો પ્રેતકાષ્ટ હૈ? યજ્ઞમેં ઇસકા ઉપયોગ નહીં કરના ચાહિયે. હવન હોમકે લિયે જો લકડી આતી હૈ ઉસકા હી ઉપયોગ યજ્ઞવેદી મેં કિયા કરો.'

કર્મકાંડ વિષેનું એમનું આવું સંપૂર્ણ જ્ઞાન ભલભલા પંડિતોનાય કાન પકડાવતું.

### પ્રસંગ : ૧૬

યજ્ઞમાં એક દિવસ બપોરે એક સાધુ પૂજ્યશ્રી પાસે આવ્યા. ભક્તજનો એમને ઘેરીને બેઠેલા. સાધુએ આવતાંવેંત તેઓશ્રીને કેટલાય અપમાનકારક શબ્દો સંભળાવી દીધા. મનમાં જે કંઇ આવ્યું તે ઓકી નાંખ્યું. પૂજ્યશ્રીનું આવું અપમાન અને આવો

તિરસ્કાર ભક્તજનોથી ન સંખાયાં. બધા એકદમ રાતાપીળા થઇ ગયા. એકાદ બે જણ તો આ સાધુને કાઢી મૂકવા ઊઠયા પણ ખરા.

પરંતુ પૂજ્યશ્રીએ ઇશારાથી એમને પાછા બેસાડી દીધા. એમણે સામો એક શબ્દ પણ બોલ્યા વિના એ સાધુના તીવ્ર કટાક્ષોને સહી લીધા. એની બધી વરાળ ઠલવાઇ ગઇ ત્યાર પછી ધીરે રહીને પ્રેમથી પૂછ્યું : 'મહાત્માજી, આપને કુછ પ્રસાદ પાયા?'

સાધુ એકદમ શરમિંદા બની ગયા. એ માંડ માંડ બોલી શક્યા : 'નહીં પાયા.'

'અરે, જાઓ તો એક ભાઇ ઇનકે સાથ, પહલે ભોજન કર આઇએ. બાદમેં દર્શન દેકર જાઇયેગાં.'

સાધુના કટુ વચનો સહિ, ઉપરથી ભોજન, વસ્ત્ર, દક્ષિણા વગેરે આપી, 'જયરામકી' કહીને પછી એમને વિદાય કર્યા. ધૈર્યની મૂર્તિસમા પૂજ્યશ્રીને જેમ તેમ સંભળાવા બદલ સાધુ ખૂબ ખૂબ પસ્તાયા.

દુશ્મનને પણ ઝૂકાવી દે તેવી એમની સહનશીલતા, નમ્રતા અને ઉદારતા યજ્ઞ દરમિયાન પ્રસંગોપાત્ત ચમકતી રહી.

* * *

યજ્ઞમાં એકવાર મહાત્માઓ વચ્ચે સંઘર્ષનું વાતાવરણ સર્જાઇ ગયું.

એક મહંતજીએ એમના વ્યાખ્યાનથી ક્ષુબ્ધ બનીને એક મહાત્માજીએ એમના વ્યાખ્યાનપર ટીકા કરવા માટે પૂજ્યશ્રીની આજ્ઞા માંગી.



તેઓશ્રીએ સ્વસ્થચિત્તે સંમતિ આપી દીધી. ભક્તજનોમાં ગભરાટ ફેલાઇ ગયો. બધા વિચારવા લાગ્યા કે, જો આ રીતે પર-સ્પરને ઉતારી પાડવામાં આવશે તો મહા અનર્થ ઊભો થશે. સ્ફોટક પદાર્થો સામસામા તો આવી ગયા છે. જો બંને ટકરાશે તો ભારે અવાજ સાથે ભડકો થઇ ઊઠશે. જ્યાં વિવાદ થાય ત્યાં વિખવાદ થાય જ. સંવાદ તો જ્યાં સમજણ હોય ત્યાં જ હોઇ શકે ને?

પરંતુ ભગવાનની અકળ લીલાને કોણ જાણી શક્યું છે?

બીજે દિવસે સાંજે પ્રવચન કરવાનો ઉપરોક્ત મહાત્માજીનો વારો હતો. પરંતુ સાંજે બરાબર છ વાગ્યે એમને તો એવો સખત માથાનો દુઃખાવો ઊપડયો કે બાપડા બિસ્તરમાં પટકાઇ પડયા. અંતે થાકીને એમણે કહેવરાવ્યું કે, 'મારી શરીર પ્રકૃતિ ઠીક ન હોવાને કારણે હું આજે સાંજે પ્રવચન નહિ કરી શકું.'

સાંજના છ થી રાત્રે આઠ વાગ્યાસુધી પૂરા બે કલાક એમને માથાનો અસહ્ય દુઃખાવો રહ્યો. પ્રવચનનો સમય પૂરો થયા પછી જ એ પાછા પૂર્વવત્ સ્વસ્થ થયા.

આ રીતે લાકડી ભાંગી નહિ, છતાં સાપ મર્યો?

## પ્રસંગ : ૧૭

યજ્ઞવિધિનું ઉદ્‌ઘાટન કરીને ફરી પાછા એકાંતવાસ અર્થે અમદાવાદ ચાલ્યા ગયેલા ભગવદાચાર્યજી મહારાજે પણ પૂજ્ય-શ્રીની ઇચ્છાને માન આપીને પૂર્ણાહુતિ પ્રસંગે હાજરી આપી હતી.

પૂજ્યશ્રીએ એમને કહ્યું : 'પૂર્ણાહુતિ તો હો ચૂકી યજ્ઞનિમિત્ત આયે હુએ ધનમેંસે અબ ભી લાખોં રૂપયે શેષ બચે હૈ. યજ્ઞનિમિત્ત સે જો રૂપયે આયે હુએ હૈં સો બચે નહીં ઐસી કોઇ વ્યવસ્થા

કરના ચાહિયે. ભગવદાચાર્યજી, આપકી ક્યા રાય હૈ?'

'મહારાજશ્રી? રાજકોટ એટલે રાજાનો કોટ, પણ તેમાં ગરીબોય રહેતા હશે ને? આપ એવાં ઘરોની યાદી તૈયાર કરાવડાવો કે જે ઘરોમાં રહેતાં ભાઇ–બહેનો દુઃખી હોય, ખાવા-પીવાનાં સાધનોથી વંચિત રહેતાં હોય, કારણ કે કોઇ પણ સ્વમાની માણસ કદી કોઇની પાસે હાથ લાંબો ન કરે. વધેલા બધા રૂપિયા આવા માણસોમાં ગૂપચૂપ વહેંચાવી દો.' ભગવદાચાર્યજી મહારાજે પ્રાર્થના કરી.

પૂજ્યશ્રીએ એમની આ પ્રાર્થના સ્વીકારી લીધી અને તાબડતોબ લગભગ એકસો જેટલા પ્રામાણિક શિષ્યોને એ કામે લગાડી દીધા. અગણિત કવરો મંગાવવામાં આવ્યાં. રૂપિયા સો, દસ, પાંચ, બે અને એકની નોટોની મોટી સંખ્યાની થોકડીઓ આવી.

પૂજ્યશ્રીની આજ્ઞા પ્રમાણે દરેક કવરમાં રૂપિયાની નોટો બીડવામાં આવી. વિશ્વાસુ અને નીતિમાન ભક્તોએ એ કવરો અને જુદા જુદા વિસ્તાર સોંપવામાં આવ્યા. પૂજ્યશ્રીની સૂચના અનુસાર એ ભક્તો, મધરાતે, જ્યારે રાજકોટના સર્વે મનુષ્ય અને દાન પામનાર લોકો નિદ્રાદેવીને ખોળે સૂતેલાં ત્યારે ગૂપચૂપ જઇને, ગરીબોનાં અને લાચાર સ્થિતિમાં આવી પડેલાં પરંતુ સ્વમાની મધ્યમ વર્ગનાં માણસોનાં ઘરોની ખુલ્લી બારીઓમાંથી અને બારણાંની તિરાડોમાંથી એ કવરો અંદર નાંખી આવ્યા.

શેષ વધેલા રૂપિયા આ રીતે ગરીબોનાં ઘરોમાં ગયા.

ભગવદાચાર્યજી મહારાજે કહ્યું : 'પૂજ્ય મહારાજશ્રીએ ઉદારતાપૂર્વક લાખો રૂપિયાનું દાન કર્યું. તેઓશ્રી ફક્ત જ્ઞાની,



ત્યાગી કે વિદ્વાન જ નહિ પરંતુ પરમ જ્ઞાની, પરમ ભક્તો અને પરમ સંતોમાં જ એમની ગણતરી થાય તેવા છે. મનુષ્યને વિદ્યાર્થી નહિ પરંતુ સારા–આચાર–વિચારથી પોતાની મેળે મહત્તા પ્રાપ્ત થાય છે જેવી રીતે કોઇ મનુષ્યના ગુપ્ત વિચાર, ખરાબ વિચાર, વાયુમંડળમાં પ્રસરે છે તેવી જ રીતે તેના પવિત્ર આચારવિચાર પણ લોકોમાં ફરે છે.

(શ્રી દમયંતી સેજપાલના 'મારા ગુરુદેવ'ના આધારે)


સુવાક્ય

જેને જેની સાથે પ્રીત બંધાઇ હોય તેને તેના રસમાં જ આનંદ આવે છે રાત પડતાં જ આ રાતરાણી મહેંકી ઊઠે તેમ તમારા મિલનથી મારા સર્વસ્વને પણ મહેંકી ઊઠવા દો. યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦ ૦૦૨

એકધારા અવાજે વરસોથી વહી જતી આ ગંગાની જેમ મારું સર્વ કાંઇ તમારા તરફ વહી રહ્યું છે. તમને જ ચાહતા ને પ્રેમ કરતાં વહી રહ્યું છે. કોઇ શાયરની જેમ મારું અંતર તમારા ગુણાનુવાદને ગાયા કરે છે. ને તમારી દિશામાં સમસ્ત શક્તિનો પ્રવાહ દોડતો આવી રહ્યો છે, હવે તો કૃપા કરીને તેની આડે અવરોધ ના મૂકો. અવરોધોને હટાવી દો ને તમારું ધન્યતામય દર્શન દઇને–મને પરમ શાંતિ દો. —યોગેશ્વરજી

O

સૌજન્ય :






# મૃત્યુ મહોત્સવ બની ગયું

**મા સર્વેશ્વરી**

[શ્રી ગીતાબેન અને શ્રી અરૂણાબેન ઠાકરનાં પૂ. માતાજી શ્રી મંદાકિનીબેનના સ્વર્ગવાસની ઘટના તા. ૨૩–૨–૦૨ ના રોજ અમદાવાદના 'સત્યપથ'ના આવાસમાં ઘટી. તે ખરે જ અલૌકિક હતી. એ આખી ઘટના અહીં સંપૂર્ણ વિગતે રજૂ કરાઇ છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તે ઘટનાને પોતાની રોજનીશીમાં નોંધી છે. પૂ. મા એક વીતરાગી સમર્થ સંત છે. સહદેવની જેમ તેઓ ભવિષ્યને જાણે છે છતાં નજરસમક્ષ રહેતી દુઃખદ ઘટનાને તેઓ સહેજ પણ વિચલિત થયાવિના તટસ્થભાવે સ્વીકારી નીરખી રહે છે. આ ઘણું અઘરું છે. એમાં જ એઓશ્રીના સંત સામર્થ્યનું દર્શન થાય છે.

શ્રી વિજયભાઇ કનેરિયાએ નજરસમક્ષ બનેલ ઘટનાનો આંખે જોયેલ અહેવાલ આપ્યો છે. તો શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ પોતાની આગવી સમજ પ્રમાણે આધ્યાત્મિક ભાવથી આખી ઘટનાને નિહાળી પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો છે.

છેલ્લે શ્રી નારાયણભાઇ જાનીએ પણ પૂ. માની આર્ષદૃષ્ટિ તેમ જ સંતો અને પ્રભુ–પોતાના આશ્રિતોનું કેવું સરસ ધ્યાન રાખે છે. તે દર્શાવેલ છે.

આ એક ઘટનાનું અર્થઘટન–આ ચારે જણે જેઓ ત્યાં હાજર હતાં, તેઓએ પોતપોતાની આગવી રીતે કરેલ છે. તેમાં પૂ. મા સહિત દરેકે આ ઘટનાને કેવી રીતે જોઇ તે દર્શાવાયું છે.

તેમાંથી વાચકોને પ્રેરણા અને નવું જીવન દર્શનનું ભાથું મળે તેમ હોવાથી તે અધ્યાત્મના પૃષ્ઠોપર રજૂ કરવામાં આવેલ છે.

વિગતોનું પુનરાવર્તન ના થાય તેનું ધ્યાન રાખવા પ્રયત્ન કરેલ છે. છતાં રજૂઆતની અસરકારતા માટે ક્યાંક થોડું પુનરાવર્તન લાગે તો તે ક્ષમ્ય ગણવા વિનંતી છે.] — તંત્રી

આજે જયપુર માટે પ્રસ્થાન છે. સત્યપથમાં સાડા ત્રણ વાગે મા બહાર આવે છે. તો શ્રી તરલાબેન શ્રી નારાયણભાઇ, શ્રી જ્યોત્સનાબેન બીજા પણ બે–ત્રણ ભાઇ બેનો બેઠાં છે. પ્રણામની વાત નીકળી છે.

મા શિવમને પૂછે છે. જયપુર આવવું છે?

હા.

તો જ્યોત્સનાબેન કહે જેને મા પાસે રહેવું હોય, તેની પાસે પ્રણામનો પાસપોર્ટ હોવો જોઇએ.

એ સાંભળી મા સૌને કેટલા પ્રણામ કરો છો? તે પૂછે છે. બેઠેલા સૌ જવાબ આપે છે. શ્રી ભાર્ગવભાઇ, શ્રી વિજયભાઇ, સ્મિતાબેન, શિવમ્ સૌ બેઠા છે. ત્યાં જ શ્રી મંદાબેન આવે છે. આગળ જગ્યા ન હતી છતાં છેક મા પાસે આવી પ્રણામ કરે છે.

ખૂબ જ પ્રસન્ન છે. જોતાં જ માને લાગે છે કે તબિયત સારી છે. છતાં મા ઇશારાથી પૂછે છે. કેમ છો? તો શ્રી મંદાબેન પણ પ્રસન્નતાથી હાથના ઇશારાથી સારું છે એમ કહીને બેઠાં છે. એટલે તરત જ મા લખે છે. (તબિયત સારી છે.) તો તો હમણાં ઉપર નથી જવુંને?

શ્રી મંદાબેન કહે ના, "મા" હમણાં તો નથી જવું. "મા" તો પૃથ્વીપર છે. ત્યાં થોડાં મળે?



તો મા લખે છે તો પછી ગાવ.

દરવખતે મંદાબેન પાસે મા કંઇક ગવડાવે જ છે. માટે આજે પણ કહ્યું, કંઇક ગાવ.

એટલે મંદાબેન જરાક ક્ષણવાર હળવાશ પામીને ગાવા માંડે છે.

જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.  
મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ,  
એથી મીઠી તે મોરી માત રે.  
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ,  
'મા સર્વેશ્વરી'ની જોડ સખી નહીં જડે રે લોલ.  
અમીની ભરેલી એની આંખડી રે લોલ.  
વ્હાલનાં ભરેલાં એનાં વેણ જો,  
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.  
'મા સર્વેશ્વરી'ની જોડ સખી નહીં જડે રે લોલ.

આટલું ગાઇને તેઓ અટકી ગયાં, જરાક થાક અનુભવી રહ્યાં હોય તેમ વિશ્રામ ક્ષણનો લીધો.

પછી મંદાબેન કહેવા લાગ્યાં. "ઘણાં વખતથી અહીં દર્શન કરવા આવવાની ખૂબ ઇચ્છા હતી."

આટલું બોલી અહોભાવથી મા તરફ જોતાં જોતાં પ્રણામ માટે બંને હાથ જોડીને ઝૂક્યાં.

ઝૂક્યાં ને ત્યાં જ સ્થિર થયાં. ૨ સેકન્ડ પછી એક આંચકો આવ્યો ને ત્યાં જ વધુ ઝૂકી ગયાં.

સૌનું ધ્યાન મંદાબેન ઉપર સ્થિર થઇ ગયું.

મંદાબેન પોતાની દીકરી ગીતાબેન જોડે રીક્ષામાં આવ્યાં હતાં. ગીતાબેન એમની દીકરી તરત જ ઊભાં થયાં.

શ્રી દમયંતીબેન ઊભાં થઇ ગયાં, ગીતાબેન અટકાવે છે. મા લખે છે. 'આવું ઘણીવાર થાય છે કે પહેલીવાર થયું?'

ગીતાબેન કહે, "પહેલીવાર."

તો મા કહે, "એમને બેઠાં કરો." બેઠા કરે છે. દમયંતીબેન ગીતાબેન.

મા કહે છે. 'સૂવડાવી દો. પાણી આપો ને પાણી મૂકવા દમયંતીબેન પ્રયત્ન કરે છે. ત્યાં ફરી એકવાર હેડકી જેવું આવે છે. સૌ ચિંતાતૂર થઇ ઊઠયાં છે.

ડોક્ટર દવા માટે દોડાદોડ થઇ રહી છે. મા કહે છે. 'ડોક્ટરને ત્યાં જ લઇ જાવ.' ને છેવટે વિજયભાઇની ગાડીમાં મંદાબેનને હોસ્પિટલમાં લઇ જવામાં આવે છે.

ડોક્ટર તપાસે છે કહે છે, 'કશું જ નથી રહ્યું. હવે વિદાય થઇ ગયાં છે.'

હા, સત્યપથમાં પ્રણામ કર્યા તે જ ક્ષણે એમણે શરીર છોડી દીધું. કેવું સરળ, સહજ રીતે શરીર છોડી દીધું ! કેવો ભક્તિભાવ ! જાણે કોઇ તપસ્વીની સ્ત્રીની શરીર છોડવાની આ રીત હતી.

મા તો એ વાત છેક એરપોર્ટ પર જાણે છે.

૪ વાગે હોસ્પિટલ લઇ ગયાં ને મા ૪–૪પ એરપોર્ટ જવા નીકળે છે.

જયપુર આવી ગયાં. સાડા નવ થયા. મા વિજયભાઇ કનેરીયાને ફોન કરાવે છે. તેમનો ફોન આવે છે. વિગતે વાત થાય



છે. તેમની દ્વારા શ્રી અરૂણાબેનને પણ જયપુરનો નંબર આપવામાં આવે છે.

શ્રી અરૂણાબેન શ્રી ગીતાબેન બંને બેનોએ આજે માતાનું છત્ર ગુમાવ્યું છે. છતાં સ્વસ્થ છે.

શ્રી અરૂણાબેન કહે છે, "મમ્મીનો તો મૃત્યુનો મંગલ ઉત્સવ મનાય" સૌ એવું કહે છે. મા તમે તો અમારી લાજ રાખી.

હવે અમારે તમારો જ આધાર છે. અમારું જીવન તમારા જ ચરણોમાં છે.

અચાનક સહજરીતે મંગલ મંદિર ઉઘડે તે આજે ઘણાં બધા સાધકભક્તોને જોવા મળ્યું.

'સત્યપથ'ના ઇતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે કે મંદિરે પ્રણામ કરતાં કરતાં દેહત્યાગ થયો.

સૌની હાજરીમાં 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્ર સાથે એમણે અદ્‌ભુત રીતે વિદાય લીધી.

સતત એ માતાનું સ્મરણ રહ્યું છે. પ્રભુ આપના શ્રી ચરણે એને પરમ શાંતિ આપો એ જ પ્રાર્થના.

જાણે પોતાની બંને દીકરીને 'સત્યપથે' પૂ. શ્રીને સોંપીને પોતે પણ સત્યપથ ઉપરથી પ્રભુને પામવા પ્રયાણ કર્યું. મહાપ્રયાણ કર્યું.

આજે જયપુરમાં નિલમ હોટલમાં વિશ્રામ થયો છે. થાક ખાસ લાગ્યો નથી. ગઇ રાત આખી કાર્યરત ગઇ, છતાં હે હરિ આપની કૃપા છે.

આજે આ પ્રારંભ પામેલી યાત્રામાં શ્રી ભગવાનજી શ્રી

કંચનબેન, શ્રી બિપીનભાઇ, તથા શ્રી શાંતિભાઇ પણ સાથે છે.

હે પ્રભુ, આજનો આ દિવસ આ રીતે સમામિપર પહોંચે છે. હવે ૨૫ પ્રણામ બાદ વિશ્રામ થશે.

હે પ્રભુ, આજે આપે બતાવેલું સહજ મૃત્યુ સૌને મળે તો આખી સૃષ્ટિને મરણનો ભય ના સતાવે.

નવજીવનનું મંગલદ્વાર માની સૌએ મૃત્યુને વધાવતા થઇ જાય તો?

કાળદેવતા ક્યારે ક્યાં કોને પસંદ કરે તે અદૃશ્ય રીતે કાર્યરત બનતા સૌ કોઇ અનુભવી શક્યા.

સત્યપથના દ્વારે એ માતાને લાવવામાં પણ કોઇ ગુણધર્મ સમાયેલો જ હશે ને!

શું આપના પર પી. એચ. ડી. કરનાર અરૂણાબેનની માતાને સર્વોત્તમ રીતે મૃત્યુ ધરીને જાણે એને એક ઉચ્ચ પ્રકારની સાધ્વી માતાનું પરમ પદ ધરી દીધું કે શું?

કે પછી માતાની હંમેશાની પ્રાર્થના જે હતી "મારે તો 'સર્વેશ્વરી મા' દૂસરો ન કોઇ" તે પ્રાર્થનાનો એ પ્રત્યુત્તર હતો કે શું?

સત્યપથને દેહત્યાગનું સ્થાન બનાવી શું એને અમર નામ ધર્યું કે માતાને અમરનામ ધર્યું?

આ સઘળાં અનુમાન છે. પણ આજની ઘટના સાચે જ અનોખી ને અલૌકિક સ્મરણીય હતી.



# એક વિરલ ઘટના

વિજયભાઇ કનેરિયા

[સત્યપથથી શ્રી મંદાકિનીબેનને હોસ્પિટલ લઇ જઇ કેવી સારવાર વગેરે અપાઇ અને તેઓની અંત્યેષ્ટિ કેવી સરસ રીતે થઇ તે શ્રી વિજયભાઇ કનેરિયાની કલમે વાંચીએ.] — તંત્રી

પૂ. માની આજ્ઞા અનુસાર અમે બાનું શરીર ઊંચકીને મારી મોટરમાં પાછલી સીટપર મૂકીએ છીએ. મસ્તક નીચે મૂકવા માટે ઉપરના ફ્લેટ પરથી ઓશીકુ લાવવામાં આવે છે. તેવામાં ભાર્ગવભાઇ ગોળી લાવે છે. ગીતાબેન એક ગોળી બાના મોઢામાં મૂકે છે.

ભાર્ગવભાઇ મોબાઇલપર તેમના સસરાને (જેઓ ડોક્ટર છે) જાણ કરે છે કે પેશન્ટને લઇને અમે આવીએ છીએ. રસ્તે ગીતાબેન તેમના ભાઇ વિજયભાઇને મોબાઇલથી જાણ કરે છે "I think Baa is no more. અમે તેમને ડોક્ટર પાસે લઇ જઇ રહ્યા છીએ. પણ તું જલ્દી પૂ. મા પાસે પહોંચીને દર્શન કરી લે, કારણ કે પૂ. મા હમણાં જ જયપુર જવા માટે એરપોર્ટ જવાનાં છે."

ભાર્ગવભાઇના સસરા બહાર રાહ જોતા હતા. તરત જ ગાડીમાં બાને તપાસી જુએ છે. કે દર્દીમાં જીવ છે કે નહી? ૫–૭ મિનિટ પછી તેઓ અભિપ્રાય આપે છે કે હાર્ટ અને પલ્સ બંને બંધ છે. છતાં કોઇ આધુનિક ટેકનોલોજીદ્વારા હાર્ટ ચાલુ કરી શકાતું હોય તો હોસ્પિટલમાં પ્રયત્ન કરી જોઇએ.

ગીતાબેન તેમની બાની આંખો ખુલ્લી હતી તે બંધ કરી દે છે. મારો મોબાઇલ તેજસને આપી તેને સત્યપથ જવાનું કહું છું. હું અને ગીતાબેન બાને લઇ S. A. L. હોસ્પિટલ પહોંચી જઇએ છીએ.

ડોક્ટર નાક ઉપર માસ્ક ફીટ કરે છે, હાર્ટને પંપીંગ કરે છે અને હાથમાં ઇંજેક્શન પણ આપે છે. અમે હોસ્પિટલપરથી તેજસને જાણ કરી કે પૂ. માના દર્શન કરવા શ્રી મંદાકિનીબેનના પુત્ર વિજયભાઇ ઠાકર સત્યપથપર આવે તો તેમને સાલ હોસ્પિ-ટલ મોકલવા.

પાંચ જ મિનિટમાં અરૂણાબેન આવે છે. ગીતાબેન બા પાસે રૂમમાં છે. બીજા કોઇને અંદર જવાની મનાઇ છે. અરૂણાબેન થોડાં નિરાશ હતાં. અરૂણાબેન કરૂણ સ્વરમાં કહે છે—"આજે બાનું મોઢું જ જોઇ શકી નથી. સવારે ૧૦ વાગે પૂ. મા પાસે જવા ઘેરથી નીકળી ત્યારે બા હજુ આરામ કરતાં હતાં. પૂ. માએ પત્રોના સ્કેનીંગનું કામ સોંપેલું, ત્યાંથી સીધી ૪–૩૦ વાગે 'સત્યપથ' પહોંચી. પૂ. માની સૂચના પ્રમાણે અહીં આવી છું." એમ કહેતાં કહેતાં આંખમાંથી આંસુ સરી પડતાં જોઇને મેં આખો પ્રસંગ વિગતવાર કહ્યો, ત્યારે ખૂબ જ સ્વસ્થ થઇને મનોમન પૂ. માને વંદન કરવા લાગ્યાં અને કહે "આજે કેવો સરસ અગિયા-રસનો દિવસ !"

વિજયભાઇ ઠાકર અને તેમનાં પત્નીને આખો પ્રસંગ કહેવા-માં આવે છે ત્યારે હોસ્પિટલના કંપાઉન્ડર તથા નર્સ સાંભળીને આશ્ચર્ય પામે છે. હકીકતે તો બાનું શરીર પૂ. મા પાસે ૪ વાગે જ છૂટી ગયું હતું.



ડોક્ટર પોતાની રીતે કોશીષ કરીને લગભગ ૫–૧૫ વાગે તેઓને મૃત જાહેર કરે છે.

બાના મૃતશરીર ઉપર સફેદ ચાદર ઓઢાડીને એમ્બ્યુલન્સમાં તેમના પુત્ર વિજયભાઇને ઘેર લઇ જવા માટે તૈયારી કરવામાં આવે છે.

હું અને દમયંતીબેન (કપુરા) સત્યપથ જઇએ છીએ. લગ-ભગ ૬ વાગી ગયેલા. થોડીવારમાં પૂ. માની સૂચના મુજબ શ્રી બીપીનભાઇનો ફોન આવે છે. મેં જાણ કરી કે બાનું અવસાન જ થઇ ગયેલું છે. અને બાનું શરીર તેમના પુત્ર વિજયભાઇને ઘેર લઇ જવામાં આવેલ છે. ફરી પાછો બીપીનભાઇનો ફોન જયપુર-થી આવે છે જેમાં તેઓ પૂ. માની સૂચના જણાવે છે કે સત્ય-પથમાં પ્રભુ પાસે ફૂલનો બુકે ધરેલો છે, તે લઇને મારે વિજય-ભાઇ ઠાકરના ઘરે જઇને આપવો ને કહેવું કે સત્યપથેથી પૂ. માએ બા માટે ફૂલો મોકલ્યાં છે."

પૂ. માની સૂચના પ્રમાણે પ્રભુ પાસે ધરેલો બુકે અને રસ્તેથી અમે પણ થોડાં ફૂલો લીધાં. પૂ. માની સૂચના પ્રમાણે મેં ફૂલનો બુકે ગીતાબેનને આપ્યો અને કહ્યું કે પૂ. માએ સત્યપથેથી બા માટે મોકલાવેલ છે. ગીતાબેને બાને સ્પર્શ કરાવીને શંકર ભગ-વાનની પ્રતિમા પાસે તે બુકે રાખી દીધો. બા શંકરભક્ત હતાં.

થોડીવારમાં અરૂણાબેન ગંગાજલનું કેન લઇને આવે છે. તેમને પણ મેં જાણ કરી કે પૂ. માએ બા માટે ફૂલ મોકલ્યાં છે. એટલે એમને પ્રેમથી ફૂલનો બુકે બાની છાતીપર મૂકી દીધો.

શ્રી અરૂણાબેન અને ભક્તો પૂ. ગુરુદેવ અને પૂ. માની બાવની બોલાવે છે. તેથી વાતાવરણ હળવું બની રહે છે. તેમ જ

શ્રી મંદાકિનીબેનના શરીરને શબવાહિનીમાં મૂકવા તૈયારી કરવામાં આવે છે. શબવાહિની આવતાં ભાઈઓ તેઓના શબને સ્મશાને લઈ જાય છે.

સૂચના પ્રમાણે પૂ. માને નિલમ હોટલ, જયપુર હું ફોન કરું છું. નાનામાં નાની બધી જ વિગત પૂ. મા ફોનપર પૂછે છે. પછી પૂ. મા સૂચના આપે છે કે દમયંતીબેન ઠાકરને કહો કે સત્યપથ ગંગાજલથી શુદ્ધ કરે અને મને પણ સૂચના આપી કે તમારી ગાડીમાં બાનું શરીર લઈ ગયેલા માટે ગાડી પણ ગંગાજલથી શુદ્ધ કરજો. વળી અરૂણાબેનને જયપુર ફોન કરવા કહ્યું જેથી પૂ. મા તેમને જરૂરી આશ્વાસન ને ધીરજ આપી શકે.

હું ગાડી લઈને સત્યપથ લગભગ રાત્રે ૧૧ વાગે પહોંચ્યો ત્યારે દમયંતીબેન તથા પારૂલબેને સત્યપથ ગંગાજલથી સાફ ને શુદ્ધ કરી દીધેલું. મેં કહ્યું, "મારે પણ પૂ. માની સૂચના અનુસાર ગાડી ગંગાજલથી શુદ્ધ કરવાની છે. એટલે તરત જ તેઓ ગંગાજલની બરણી લાવે છે. ગંગાજળવાળા જળથી ગાડી ધોઈ નાંખવામાં આવે છે ને વળી દમયંતીબેન બરણીના ઢાંકણમાં ગંગાજલ લઈને ગાડીમાં અંદર બધે જ છંટકાવ કરે છે.

આખો પ્રસંગ જોતા એમ લાગે છે કે પૂ. માએ ગીતાબેન તથા અરૂણાબેનની સેવાનું કેટલી અદ્‌ભુત રીતે તેઓના બાની મુક્તિદ્વારા ઋણ વાળી દીધું. જો આ બનાવ અન્ય કોઈ પણ જગ્યાએ બન્યો હોત તો બંને બહેનોને કેટલી બધી મુશ્કેલી પડત તે સમજી શકાય તેવું છે. જો આ પ્રસંગ અર્ધો કલાક મોડો એટલે કે પૂ. મા એરપોર્ટ જવા રવાના થયાં પછી જ બન્યો હોત તો, કેટલો કરુણ અને શોકમય બની રહેત!



શ્રી અરૂણાબેન અને ગીતાબેન બંને પૂ. માના શરણાગત ભક્તો છે. વરસોથી પોતાનાં બાને સાથે રાખી સેવાચાકરી કરે છે. બાને ઘણી બીમારી હોવા છતાં પ્રેમથી સેવા કરતાં. સ્વાભાવિક છે કે બંને બહેનોને બા વિશે સતત ચિંતા રહેતી હોય. તો પૂ. માએ એ ચિંતાનો ભાર કેવો સરસ રીતે હળવો કરી દીધો? અને "સત્યપથ" જે બંને બહેનો માટે ગુરુતીર્થ તો હતું જ, પણ તેને તેમના માટે માતૃતીર્થ પણ બનાવી દીધું.

મહાનતાને ઓળખવા માટે બીજાના કોઈ પ્રમાણપત્રની જરૂર ખરી?

આખો પ્રસંગ જોતાં શું એમ નથી લાગતું કે પૂ. માની મહાનતાને ઓળખવા માટે બીજા કોઈ પ્રમાણપત્રોની જરૂર ખરી? શું સૂર્યને તેના તેજ માટે કે ચંદ્રને તેની શીતલતા માટે કોઈ અન્યના પ્રમાણપત્રની જરૂર જ ન પડે. પૂ. માનું પણ એવું જ છે.


## * સ્થાપત્ય કન્સ્ટ્રક્શન *

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે

મોરબી ૩૬૩૬૪૧

ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૬૯૦૩

# ईतना तो करना स्वामी

જ્યોત્સ્ના ત્રિવેદી

સત્યપથ યોગેશ્વર પરિવારનું આગવું તીર્થ. સ્વયં યોગેશ્વર પ્રભુની અને શ્રી માની અનેક અનન્ય લીલાઓનું લીલાસ્થાન. ત્યાં અનેક લીલાઓ થાય, પણ તા. ૨૩–૨–૨૦૦૨ ના દિવસે રચાયેલી લીલા અદ્‌ભુત હતી. એ લીલા એક અનોખી ઘટના હતી. સ્વયં યોગેશ્વર પરિવારનાં શ્રી અરુણાબહેન ઠાકર અને શ્રી ગીતાબહેન ઠાકર શ્રી મા પ્રભુનાં સાચાં સેવક અને ભક્ત શ્રી અરુણાબહેને આપણા પૂ. પ્રભુપર પી. એચ. ડી. કરી ડોક્ટરેટની ઉપાધિ મેળવી છે તેઓશ્રીનાં માતુશ્રી શ્રી મંદાકિનીબહેન ઠાકર અમદાવાદનાં જ રહેવાસી, તેઓશ્રી પણ મા–પ્રભુનાં ભક્ત.

સત્યપથમાં તે દિવસે સત્સંગ નહોતો, પણ શ્રી મા જયપુર જવાનાં હતાં એટલે જેઓને કામસર શ્રી માને મળવાનું હતું તેઓ સહુ સત્યપથમાં આવેલાં હતાં. થોડી માંદગી ભોગવી હોવાથી અને શ્રી મા એકાદ અઠવાડિયા પછી પુનઃ પધારવાના હોવાથી શ્રી મંદાકિનીબહેન પણ શ્રી માના દર્શને પધાર્યાં હતાં.

મંદાકિનીબહેનનું સ્વાસ્થ્ય નબળું જ હતું એટલે જ શ્રી મા પણ તેમના સ્વાસ્થ્યના ખબર પૂછવા ગયેલાં. પણ તેઓશ્રીનું સ્વાસ્થ્ય જરા સારું થતાં, અલભ્ય દર્શનનો લ્હાવો લેવાનું તેઓ પણ ન રોકી શક્યાં. અને સત્યપથ ચાર વાગ્યાની આસપાસ પધાર્યાં.

શ્રી માએ એમની આગવી સ્મિત મુદ્રા અને પ્રસન્નભાવથી તેમનું સ્વાગત કર્યું.



તેઓશ્રી હંમેશા ગીતની બે લીટી ગાતાં, "હમારા દિલ તુમ્હારે પાસ હૈ, તુમ્હારા દિલ હમારે પાસ હૈ!

શબ્દ એ તો બ્રહ્મ છે. ભાવપૂર્વક ઉચ્ચારાયેલા શબ્દો કેવા અર્થ સભર સાબિત થાય છે? સંતો, મહંતો કે ઋષિઓ મહર્ષિઓને પણ ઈર્ષ્યા ઉપજાવે તેવું સ્વચ્છ અને સ્વસ્થ મૃત્યુ ભીષ્મને પણ ઇચ્છા મૃત્યુ તો હતું, પણ બાણશૈયા પણ હતી જ; પણ આ તો સુંદર મજાનો એકાદશીનો પવિત્ર દિવસ. કહેવાય છે કે પવિત્ર આત્મા-ઓનું ગમન અથવા આગમન આ દિવસે થાય છે. જે હોય તે. પણ આપણે તે દિવસને ખૂબ પવિત્ર માનીએ છીએ. તેઓ પોતાને પણ ઉપવાસ હતો.

નહીં કોઈની જરૂરત, નહીં મૃત્યુ સમયે અંતિમ ક્ષણોની અસહ્ય વેદના. માત્ર જીભનું વળી જવું તે સિવાય કંઇ જ નહીં. શ્રી માના શ્રી ચરણો અને પ્રભુની સન્મુખ તેજમાં તેજ ભળી ગયું. સાંભળ્યું હતું કે મીરાં દ્વારિકાધીશમાં સમાઇ ગયાં, પણ તેનો પ્રત્યક્ષ પુરાવો નજરે નજર નિહાળ્યો. શ્રી મા આપણને કેટકેટલી ઘટનાઓનો સાક્ષાત્કાર બનાવે છે!

**ईतना तो करना स्वामी, जब प्राण तनसे नीकले** શ્રી બ્રહ્માનંદની પ્રાર્થનાની આ લીટીઓ ગંગાજીકા તટ હો, તો શ્રી મા અને શ્રી ગંગામા એક જ છે. એવી અનેક સાધકોની અનુભૂતિ છે. પણ એ સિવાય પણ 'મેરા સાઁવરા નિકટ હો,' એ એમની હૃદયપૂર્વકની પ્રાર્થના હશે જ. નહીંતર આવું કેમ બને!

શ્રી માએ એક જણના મૃત્યુ પ્રસંગે કહેલું કે, "મૃત્યુ દરેક ઘરનું મહેમાન છે. તેનો આનંદથી સ્વીકાર કરો."

શ્રી માએ એકવાર મુંબઇ આવેલાં ત્યારે ગાડીમાંથી સ્ટેશન

આવતાં પૂર્વે પેસેન્જરોની તૈયારી જોઈ કહેલું કે જીવન પણ સહુ આવું જીવતાં હોય તો પોતાનો મુકામ આવતા સહેલાઈથી ઉતરી જાય કે રેશમી દોરીની ગાંઠની જેમ જીવનની ગાંઠ પણ સહેલાઈથી છૂટી જાય.

મૃત્યુ એ જીવનના ઝેલાનું અટક સ્થાન હોય કે દેહાત્મા નવાં વસ્ત્રો ધારણ કરતો હોય, જે હોય તે, પણ સહજ મૃત્યુ. મૃત્યુ આવવાનું તેની કંઈ જ ખબર જ નહીં અને પ્રાણ ઉર્ધ્વ રીતે જાય. શાસ્ત્રમાં તેને પણ એક સારું ચિહ્ન લેખ્યું છે.

આ પ્રસંગે શ્રી મા પણ ખૂબ સ્વસ્થ હતાં. શ્રીમતી તરલા-બહેન દેસાઈ ત્યાં હાજર હતાં તેઓશ્રી માના મુખમુદ્રા અને હાવભાવ પરથી તે જ ક્ષણે સમજી ગયાં કે શ્રી મા જે રીતે detached થઈ ગયાં છે, તે રીતે આ જીવન અહીં જ પૂર્ણ થયું. તેઓ જ્ઞાની ભક્ત છે. એટલે પૂ. માનો ભાવ એક જ ક્ષણમાં ગ્રહણ કરી શક્યાં.

શ્રી અરુણાબહેન સવારથી જ શ્રી માની કંઈ સેવા અર્થે બહાર ગયેલાં. તેઓ પછી આવ્યાં. ૪ વાગ્યાથી ૪–૧૦ સુધી ભજવાયેલી લીલામાં તેઓ અનુપસ્થિત હતાં. શ્રી નારાયણ કાકાએ તેમને બધું જણાવ્યું. એક ક્ષણ માટે તેઓ વિચલિત થયાં. પણ ત્યારે તેમનાં બા હોસ્પિટલમાં જ હતાં શ્રી માએ પ્રેમપૂર્વક ધબ્બો મારી (તેમની આગવી અદા પ્રમાણે) હિંમત અને આશીષ બંને આપ્યાં. શ્રી તરણાબહેન તેઓશ્રીની સાથે ગયાં.

શ્રી માએ પોતાનો નિર્ધારીત કાર્યક્રમ પાર પાડયો. નિયમ પ્રમાણે યાત્રાના આરંભે–પ્રણામ કરી તેઓશ્રીએ એરપોર્ટપર વિદાય લીધી. તે પૂર્વે પણ શિવમ્ કનેરિયા કેસીયો શીખ્યો હતો તેનું અને સૃષ્ટિનું કેસીયો વાદન સાંભળ્યું. બંને બાળકોને પ્રોત્સા-



હિત કર્યાં. સહુને આશીષ આપી વિદાય લીધી.

શ્રી માનાં સહુ બાળકો પણ પૂ. માની જેવાં જ. તે જ ક્ષણથી અરુણાબહેન અને ગીતાબહેનની પડખે ઊભાં રહી ગયાં. અંતિમ વિધિ સુધી સહુએ તેમનો સાથ આપ્યો. મા પ્રભુના મંત્રગાન બાવની ગાય વચ્ચે શ્રી બાએ વિદાય લીધી. લૌકિક વિધિથી અજાણ એવાં ભાઈબહેનને શ્રી દમયંતીબહેન ઠાકરે ખૂબ મદદ કરી.

મૃત્યુએ માણસના જીવેલા જીવનની પારાશીશી છે તેવું પણ કહેવાય છે. તો શ્રી મંદાકિની બહેન ખૂબ ભોળાં અને પ્રેમાળ હતાં. ખાવા ખવડાવવાનાં ખૂબ શોખીન હતાં અને જીવનમાં કદી કોઈ સારામાઠા પ્રસંગોની મનમાં ગાંઠ ન રાખનાર હતાં. હજાર ભાગવત કથાના શ્રવણ પછી પણ મનની ગાંઠો આપણાથી નથી છૂટતી, તો એ છૂટી ગઈ હોય, તે ખરેખર આદરને પાત્ર છે.

શ્રી મા સહુને કેવાં સંભાળે છે. બંને બહેનો વ્યવસાય કરતી. બા કદાચ ઘરે જ વિદાય થયાં હોત તો, તો એકલાં જ હોત. પણ અહીં ૧૦ જણનું ભક્તવૃંદ હાજર હતું. કેવું પવિત્ર વાતાવરણ અને તીર્થોનાં તીર્થ એવાં આપણાં શ્રી માની ઉપસ્થિતિ. આના વર્ણન માટે કોઈ શબ્દો નથી. આ લીલાને જીભ વર્ણવી શકતી નથી. કલમ આલેખી શકતી નથી. પણ કદાચ ઈચ્છામૃત્યુનું વર-દાન મળે તો માંગવાનું મન થાય તેવું મૃત્યુ જરૂર હતું.

સમગ્ર યોગેશ્વર પરિવારમાં અલભ્ય એવો આ અવસર છે. જેણે મૃત્યુને મહોત્સવનો દરજ્જો આપ્યો છે. આ લીલાના સાવરિયાં શ્રી મા પર વારિ ન જવાય તો શું થાય! એવા શ્રી માને ચરણે કોટિ કોટિ પ્રણામ.

## ૪૩ મા વર્ષમાં પ્રવેશે છે આપણું ગુજરાત
## સહુ મળીને આપીએ શાંતિની સોગાત

અહિંસા કાયરતાને છૂપાવવાની ઢાલ નથી, તે બહાદુરોનો સૌથી મોટો સદ્‌ગુણ છે.

— મહાત્મા ગાંધી

શરીરે ભલે તમે દૂબળા હો, પણ કાળજું સિંહનું રાખો, સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. કોઇ તમને આપસમાં લડાવી ન શકે એટલી સમજ રાખો.

— સરદાર વલ્લભભાઇ પટેલ

આપણે ગાંધીજીનું નામ ન લજવીએ. રાષ્ટ્ર અને અન્યની મિલ્કતો તોડવાથી કે બાળવાથી આપણે જ ગરીબ બનીએ છીએ.

— શ્રી રવિશંકર મહારાજ

વિશ્વાસ એ શાંતિની જનેતા છે. અફવાની આંધી વિશ્વાસના પાયા હચમચાવી નાંખે છે. વિશ્વાસની વાત જ શાંતિની ગેરંટી છે. શાંતિ આપણા સહુની સહિયારી જવાબદારી છે.

— નરેન્દ્ર મોદી

મુખ્ય મંત્રી શ્રી, ગુજરાત રાજ્ય
માહિતી ૨૦૦૨/ગ/૨



# મૃત્યુ મરી ગયું રે લોલ !

નારાયણ હ. જાની

ન માની શકાય એવી આ ઘટના. તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૦૨ ને શનિવાર સંવત્ ૨૦૫૮ ના મહા સુદ ૧૧ નો પવિત્ર દિવસ અને સત્યપથમાં પૂ. માનું સાન્નિધ્ય.

કોઇ વ્યક્તિ રીક્ષામાંથી ઉતતરી, પોતાના પગે ચાલી, પૂ. માના ચરણોસુધી ચાલીને આવે, ઘરેથી સ્નાન કરી, સ્વચ્છ નવાં વસ્ત્રો પરિધાન કરી, પૃથ્વીપરથી પોતાની અંતિમ વિદાયમાટે પોતે જાતે તૈયાર થઇને આવે–અને માત્ર દસ પંદર મિનિટમાં જ–પ્રભુના દ્વારે ચાલી જાય–આ શું? ન માની શકાય એવી આ ઘટના નથી!

શ્રી મંદાકિનીબેનના મસ્તકનું સહજ પ્રણામમુદ્રામાં પૂ. માનાં શ્રીચરણોમાં ઢળી પડવું એટલું સાહજીક હતું કે પાસે બેઠેલા મને (નારાયણભાઇને) પણ ખબર ન પડી કે તેઓ હવે આ પૃથ્વી પર નથી.

પૂ. મા આ બધું જુએ છે. તેઓ તદ્દન સ્વસ્થ છે. જાણે પોતે પ્રથમથી જ જે બન્યું તે જાણતાં હોય એટલી બધી સ્વસ્થતા તેમના મુખ ઉપર છે. કોઇ ગભરાહટ કે વ્યથા જણાતી નથી. પૂ. મા પોતાની બેઠક ઉપરથી ઊભાં સુદ્ધાં થયા વગર જ આ બધું નિહાળી રહ્યાં છે.

શ્રી મંદાકિનીબેનની અંતિમ ક્ષણોનો વિચાર કરતાં મને થયું કે તેઓની આંતરિક ભક્તિ કેવી ઉત્કટ અને પ્રબળ હશે કે તેઓને પૂ. ગુરુદેવ અને પૂ. માએ આવું વિરલ સૌભાગ્ય ધર્યું. સાચે જ, મંદાકિનીબેનનો આત્મા–મંદાકિની સ્વરૂપા પૂ. માનાં શ્રી ચરણોમાં

સમર્પિત થઇ ગયો. કોઇને ય ઈર્ષા આવે એવી સદ્‌ગતિ પામી ગયો. મનુષ્યદેહ ધારણ કર્યાનું સાર્થક્ય પામી ગયો.

સાંસારિક ક્ષેત્રે પણ શ્રી મંદાકિનીબેન શ્રી ગીતાબેન અને શ્રી અરૂણાબેન જેવી—ગંગા યમુના જેવી પવિત્ર દીકરીઓને જન્માવી કૃતાર્થ થઇ ગયાં! એમનો શોક ના હોય. એમની ખોટ એમના જેવાં પ્રેમાળ માતાની ખોટ કોને ના સાલે? છતાં વાસ્તવિકતાને સ્વીકારવી પડે. આ દુનિયાની એ કરૂણ વાસ્તવિકતા છે કે નિર્વ્યાજ પ્રેમ કરનાર વ્યક્તિઓની ખોટ જીવનમાં કદીય પૂરી શકાતી નથી. તેને સહી લીધે જ છૂટકો. એમની પવિત્ર યાદ જીવનમાં સદાય એક જ્યોતની જેમ જલતી રહે—એ જ એમનું શ્રેષ્ઠ તર્પણ.

પૂ. મા શરણાગતનું ધ્યાન સતત રાખતાં રહે છે. તો શ્રી અરૂણાબેન અને ગીતાબેનની સત્યપથની—સેવાઓને કેમ ભૂલે! જયપુર પહોંચીને પૂ. માએ શ્રી વિજયભાઇ કનેરિયાપર સંદેશો મોકલ્યો કે શ્રી મંદાકિનીબેનના પાર્થિવ તનુને અંતિમ મંઝિલે પહોંચાડવા લઇ જતા હોય ત્યારે તેઓના શરીર ઉપર પૂ. મા—પ્રભુનો પુષ્પગુચ્છ પહેલો પધરાવજો. કેવી ઉત્તમ ભાવના!

વળી તેઓનું શરીર સત્યપથમાં છૂટયું તો ત્યાં તેર દિવસસુધી રોજ બે કલાક સત્સંગ કરવાની સૂચના પણ આપવાનું પૂ. મા ભૂલ્યાં નહિ. તેઓની સદ્‌ગતિ નિમિત્તે ગીતાપાઠ, વિષ્ણુસહસ્ર અને શિવમહિમ્નસ્તોત્ર—થતાં રહે, તેવું તો લોહીના કોઇ પણ સીધા સંબંધ વગર, પૂ. મા જેવાં જગજનની જ વિચારી શકે. ખરું કે નહિ!

પછી હોસ્પિટલથી ખબર આવે છે કે શ્રી મંદાકિનીબેનનું શરીર શાંત થઇ ગયું છે. એ સાંભળતાં જ થયું કે આટલી



સ્વસ્થતાવાળી વ્યક્તિ આમ માત્ર બે મિમિટમાં જ આ રીતે આવજોય કહ્યા વગર વિદાય થઇ જઇ શકે ખરી! પૂ. મા જેવા એક સમર્થ સંતના ચરણમાં—અને તે પણ સત્યપથમાં જ—છેલ્લો શ્વાસ લે તે કેવું? કેટલાં બધા પુણ્યોના પરિપાકરૂપે, આવું મૃત્યુ મળે? અરે, મરનારને પણ ખબર ન પડે કે પોતે જઇ રહ્યું છે! જાણે સામે ચાલીને સ્મશાને જવા જેવું થયું એમ જ કહો. ખરે જ, પૂ. માની લીલા અદ્‌ભુત છે! પૂ. માએ તેમને સત્કારતાં પહેલું જ વાક્ય લખેલું, 'કહો હમણાં ઉપર જવું નથી ને? તે માત્ર દસ મિનિટ પછીની ઘટના માટે સૂચક નથી લાગતું શું? બુદ્ધિવાદીઓ ભલે એને એક અકસ્માત્ જ ગણી કાઢે. પરંતુ તે ખરે જ સહેતુક હતું. પાછળથી તુર્ત જ જે ઘટના ઘટી—જે ઘટવાની જ હતી, તેનું આર્ષદર્શન—પૂ. માને થયેલું જ હતું, તે માન્યા સિવાય ના ચાલે.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે—

अन्तकाले च मामेव स्मरन् मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥

એનો અર્થ છે.

યાદ કરી પ્રેમે મને, જે છોડે છે દેહ,
તે પામી લે છે મને, તેમાં ના સંદેહ. અધ્યાય ૮, શ્લોક ૫

પણ અહીં તો જે ઘટયું, તે તો એથીય વિશેષ છે કારણ અહીં સ્મરણ તો પૂ. માનું છે. પણ તેથી ય વિશેષ જેનું સ્મરણ છે તે પોતે જ પ્રત્યક્ષ છે. અરે, એના શ્રી ચરણોમાં જ નમી સમાઇ જવાનું છે. શ્રી મંદાકિનીબેનની આ અંતિમ સ્થિતિ—તપ, જપ કે જ્ઞાનનું જીવનભર સેવન કરનાર સાધકને પણ મળવું દુર્લભ એવું અદ્‌ભુત મૃત્યુ—શ્રી મંદાકિનીબેનને મળ્યું. વાહ પ્રભુ, તમારી કેવી લીલા! □

# માંડૂક્ય ઉપનિષદ્ (૫)

યોગેશ્વરજી

## (૬) આત્માની ચાર અવસ્થા

ઋષિ કહે છે કે ૐકાર, આત્મા ને પરમાત્મા એક જ છે. એ આત્મા ચાર અવસ્થા અથવા ચાર પાદવાળો છે. આત્માની પહેલી અવસ્થા જાગ્રત અવસ્થા છે. તે વખતે આત્મા જાગ્રત અવસ્થામાં રહે છે. અથવા તો માણસ જાગ્રત અવસ્થામાં હોય છે ત્યારે તે આત્મા અનુભવાય છે, તે વખતે તેને બહારના પદાર્થોનું જ્ઞાન ને ભાન થાય છે, ને તે સ્થૂલ વિષયો કે પદાર્થોને ભોગવે છે. તે આત્માને સાત અંગવાળો ને ઓગણીસ મુખવાળો કહ્યો છે. સાત અંગ એટલે માથું, આંખ, મોં, પ્રાણ, મધ્ય ભાગ, ગુહ્ય ભાગ ને પગ. તે પ્રમાણે ઓગણીસ મુખ એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર.

આત્માની બીજી અવસ્થા સ્વપ્નાવસ્થા છે. તે વખતે આત્મા સ્વપ્નાવસ્થામાં રહે છે. તે દરમિયાન મન જાગતું હોય છે. તે અંદરના જગતને જુએ ને અનુભવે છે ને તેની દ્વારા આત્માને પણ તે જ્ઞાન થઇ રહે છે. તે વખતે તે ઇચ્છા ને વાસનાને પરિણામે પેદા થયેલા સૂક્ષ્મ પદાર્થો અથવા વિષયોને ભોગવે છે. પહેલી અવસ્થાવાળો આત્મા વૈશ્વાનર ને બીજી અવસ્થાવાળો આત્મા તૈજસ કહેવાય છે.

આત્માની ત્રીજી અવસ્થા સુષુપ્તિ અવસ્થા છે. તે વખતે માણસ ઊંડી ઊંઘમાં પડે છે ખરો, પરંતુ કોઇ સ્વપ્ન નથી જોતો,



તથા કોઇ પદાર્થ કે વિષયનો અનુભવ પણ નથી કરતો. તે વખતે આત્મા એકરૂપ બને છે, આનંદમય બની આનંદનો અનુભવ કરે છે ને સ્મૃતિજન્ય માનસિક જ્ઞાન ધરાવે છે. તે ચિત્તરૂપી એક મુખવાળો ને પ્રાજ્ઞનામનો આત્મા કહેવાય છે.

હવે આત્માની ચોથી અવસ્થા વિશે. તે અવસ્થા સમાધિ અવસ્થા છે. તેને તુરીયાવસ્થા પણ કહે છે. તે અવસ્થામાં આત્મા પોતાને જોઇને પોતાની અંદર જ પ્રસન્ન રહે છે. તે પરમાત્મારૂપ થઇ જાય છે. તે અવસ્થામાં તેને અંદરનું કે બહારનું કશું જ્ઞાન હોતું નથી. તે વખતના અનુભવને વાણીથી વર્ણવી શકાય તેમ નથી. પરંતુ તે અવસ્થામાંથી જાગ્યા પછી માણસને લાગે છે કે પોતે કોઇ અભૂતપૂર્વ ને અક્ષય સુખ ને આનંદનો અનુભવ કર્યો. તેના મન, વચન ને કર્મમાં જ નહિ પરંતુ શરીરના એકેએક અવયવ ને પ્રત્યેક પરમાણુમાં પરમ શાંતિનું દર્શન થવા માંડે છે ને ધન્યતા ને પ્રસન્નતાના ફુવારા ફૂટે છે. અનુભવી મહાપુરુષો પોતપોતાની પદ્ધતિ પ્રમાણે તે અવસ્થાનું વર્ણન કરી ગયા છે. પરંતુ તે વર્ણનને વર્ણનનો નમ્ર ને પ્રામાણિક પ્રયાસ જ કહી શકાય. સ્વાનુભવને વફાદાર રહીને પોતાની રુચિ ને શક્તિ પ્રમાણેનું વર્ણન કર્યા પછી પણ તે પુરુષો ધરાયા નથી ને કહેવા જેવું ઘણું ઘણું રહી ગયું એમ જ તેમને લાગ્યા કર્યું છે. તે મહાપુરુષોએ કૃપા કરીને પોતાના ભક્તમંડળ આગળ કે પોતાની રચનાઓમાં વધારે યા ઓછા પ્રમાણમાં તે અનુભવનો ઉલ્લેખ કર્યો તે માટે માનવજાતિ તેમની ખરેખર ઋણી છે. તે જો તદ્દન મૂંગા જ રહ્યા હોત તો સાધનાની છેવટની કે વચગાળાની સિદ્ધિ કે પ્રાપ્તિ વિષેની બધી સામગ્રી તેમની જ પાસે રહી જાત ને એક દિવસ તેમની સાથે સદાને માટે વિદાય પણ થઇ જાત. તે હકીકતની કોઇને ખબર પણ ન પડત. પરિણામે માનવજાતિ એક મહામૂલા પ્રેરણાભંડારથી વંચિત રહી જાત. સાધનાની દિશામાં

પોતાની જાતને જીતવાના ને જાણવાના ધ્યેય સાથે માનવે કરેલી પ્રગતિનો ઈતિહાસ કાયમને માટે અપ્રાપ્ત હોત. હજારો સાધકો એ રીતે જરૂરી પ્રકાશ તેમ જ પથપ્રદર્શનથી વંચિત રહી જાત. પરંતુ હકીકત એથી ઊલટી છે, ને તે માટે આપણે એ મહામાનવોના કાયમના આભારી છીએ. તેમનો ઉપકાર ઘણો મોટો છે. તેને સહેલાઈથી ચૂકવી શકાય તેમ નથી.

મહાપુરુષો આપણી આગળ અનુભવની જે મૂડી મૂકી ગયા છે તેમાંથી મદદ મેળવીને કે પ્રેરણા પ્રાપ્ત કરીને આપણે એ જ દિશામાં આગળ વધી શકીએ એ તો ખરું જ, પરંતુ વધારામાં તેમણે કરેલા અનુભવોથી પણ વધારે ઊંડા ને આગળના બીજા અનુભવો મેળવીને તેમનાથી પણ વિવિધ ને વિલક્ષણ વિકાસના સ્વામી થઈ શકીએ છીએ. તેમને થયેલા અનુભવોને આધારરૂપ ને પ્રમાણભૂત માનીને ચાલવાથી આપણને બળ મળે છે ને પંથ જડે છે. નિરાશા, નિષ્ફળતા, નાહિંમત, વિલંબ ને ચિંતાના કપરા કસોટીકાળમાં તે આપણું બખ્તર બને છે ને આપણને ટટ્ટાર રાખે છે. પરંતુ તેમનાથી બંધાઈને આપણે કાયમને માટે સંતોષ માની, ઈતિકર્તવ્યતાનો શ્વાસ લઈને, બેસી જવું એવું કશું નથી. ઘણી વાર આપણે તેમ જ કરીએ છીએ. તેને બદલે તેમની મદદ મેળવીને વધારે આગળનો ને સ્વતંત્ર રુચિ પ્રમાણેનો વિકાસ કરવાની આપણી તૈયારી હોવી જોઈએ. તો આપણે પણ તે મહાપુરુષોને પગલે ચાલીને તેમની પેઠે આપણા જમાનાની ને ભવિષ્યમાં થનારી માનવજાતિ માટે અનુભવનો અનોખો વારસો મૂકી શકીએ. અનુભવના એવા સચોટ, સરળ અને સાચા ઈતિ-હાસ જેટલા વધારે લખાશે તેટલો સંસારને લાભ જ થશે. દરેક યુગમાં પ્રામાણિકતા, શ્રદ્ધા, ત્યાગ, લગન, પુરુષાર્થ ને ઈશ્વરકૃપા-ની સંયુક્ત મદદથી કોઈ પણ માનવ આત્મદર્શનના ને બીજા અનુભવ કરી વિકાસના ઉત્તુંગ શિખર પર આરૂઢ થઈ શકે છે એ વાતની પ્રતીતિ માનવને એવા ઈતિહાસ પરથી વધારે પ્રમાણમાં



થઈ રહેશે. ધર્મ, તત્ત્વજ્ઞાન, સાધના કે આધ્યાત્મિકતાની યશપતાકા એથી વધારે નક્કર રીતે ફેલાઈ રહેશે.

ઋષિ કહે છે કે એ ચોથી અવસ્થા વાણીથી સમજાવી ન શકાય તેવી છે; મનથી મનન કે ગ્રહણ ન કરી શકાય તેવી અનેરી છે; એ અવસ્થા આત્માના અનુભવના સારરૂપ છે, શાંત છે, કલ્યાણસ્વરૂપ છે ને અદ્વૈત છે; સંસારરૂપી પ્રપંચ તેમાં શમી જાય છે. એ વખતે જે પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તે પર-માત્મા સૌના ઈશ્વર છે, સર્વજ્ઞ છે, અંતર્યામી છે, સૌનું મૂળ કારણ છે, ને સૌની ઉત્પત્તિ તેમ જ લયનું સ્થાન પણ તે જ છે. તે પરમાત્માને જાણવાની જરૂર છે અથવા એ આત્મા જ જાણવા જેવો છે એવો ઋષિનો ઉપદેશ છે.

આજનું જગત અનેરૂં છે. બાહ્ય વિષયોનું આકર્ષણ, છળકપટ, ધન અને પદની લીપ્સા, અને શરીર સુખની લાલસા માનવમનને આજે વધારે ભાગે ઘેરી વળી છે. કોઈ સદ્‌ભાગી જીવ–કોઈ સંત કે પ્રભુની કૃપા હોય તો જ તેમાંથી બચી શકે.

યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦
મોબાઈલ : ૯૮૨૫૧૩૭૩૫૫
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૧.

## New Jersey Sutsung Speech

**Hetal Shah**

Jai Krupalu MAA.

Jai Shree Krishna.

I have known Pujya Maa–Prabhu for approximately ten years. I honestly believe that I must have done something phenomenal in my past life. This is the reason why I have attained a guru such as Pujya Maa–Prabhu. She is not only my guru, but also my mentor, my friend, my guider, my teacher and above all my Holy Mother. The love that Pujya Maa–Prabhu showers on all of her children is indescribable. The affection given by her is completely different from the affection received from my biological mother. Her purity and divinity is what makes her love remarkable yet very unique. Her warmth and security always makes anyone in her persence always feel safe. In our day to day lives, we may even forget certain people Eventhough Pujya Maa–Prabhu has so many devotees, she has



never once forgotten anyone. This is not because of any other reason except that she sincerely loves her children.

Throughout my entire life, I have learned many lessons from Pujya Maa–Prabhu. She has taught us respect, dignity, discipline, understanding, spirituality, and affection. However, there is one aspect of Pujya Maa–Prabhu that always sticks out in my mind. It is human nature to always criticise people in our surroundings. We have a tendency to always pick out the most negative characteristics about any human being. Although we continue to do this, Pujya Maa–Prabhu has always seen the best in every soul. She always emphasises the most positive quality in a person. Not only does this make her devotees feel good on the inside, but it is also instrumental in encouraging more positive actions in one's life. Eventually, this domino effect virtually becomes responsible in significantly altering the life of her devotee. In my life, I constantly try to put this teaching into practice. Not only does this allow me to learn from other people, but also keeps me

away from sinning about other's.

Pujya Maa-Prabhu has done more than teach me the right path of life. She has also been there for me whenever I have had any difficulties in my life. She has proven time and time again that she is always watching over me, no matter where she is. On Saturday, August 15, 1998, the youth of the Toronto Yogeshwar Dhyan Kendra celebrated the auspicious occasion of Pujya Mahatma Yogeshwarji's 77th birthday. I was also involved in this program and was assigned the task of being the master of ceremony. I had to speak in gujarati throughout the entire show. There was one particular introduction which I had to say that contained many difficult words and phrases. I had practised that piece many times. One week before the actual program, we had to perform all of the items for Pujya Maa-Prabhu. I was extremely nervous because I knew that I could not recite the introductions without any mistakes. When the moment came that I had to orate the difficult piece, remarkably I said it without one mistake! I know in my heart that it was



the grace and blessings of Pujya Maa-Prabhu that allowed me to perform what I consider to be a difficult task. She gave me the wisdom and the strength to flawlessly pronounce every word. Since that day that we performed in the presence of Pujya Maa-Prabhu, everytime I had to say my lines, it was not challenging anymore. We were truly showered with blessings from Pujya Mahatmaji and Pujya Maa-Prabhu on August 15, 1998.

I bow down to the lotus feet of Pujya Maa-Prabhu and pray that she will always watch over me and protect me from all the evils of the world. I would also like to say that there are no words of gratitude that can express how thankful and grateful I am for all that Pujya Maa-Prabhu has done for my life. Everything that I am today is because of Pujya Maa-Prabhu.

ન્યુજર્સીના રવિવાર તા. ૬, સપ્ટેમ્બર, ૧૯૯૮ ના

# સત્સંગમાં આપેલ વક્તવ્ય

મૂળ લેખક : હેતલ શાહ
અનુવાદ : તંત્રી

હું પ. પૂ. માને લગભગ છેલ્લા દસ વર્ષથી જાણું છું મારે પ્રામાણિકપણે કહેવું જોઇએ કે તે પહેલાંના મારા જીવનમાં મારાથી કંઇક સારાં કામો થયાં હશે તેના પરિપાકરૂપે પ. પૂ. મા જેવાં સદ્દગુરુ મને મળ્યાં. તેઓ મારાં ગુરુ જ નહિ, પરંતુ મારા વિશ્વાસુ સલાહકાર, મિત્ર, માર્ગદર્શક, શિક્ષક અને સૌથી વિશેષ મારાં પવિત્ર મા છે. પૂ. મા તેઓના સર્વ બાળકો ઉપર જે પ્રેમ વરસાવે છે, તે ખરે જ અવર્ણનીય છે. તેઓની પાસેથી જે પ્રેમ મળે છે તે પોતાની જનેતાના પ્રેમ કરતાં સાવ જુદા જ પ્રકારનો છે, તેઓના આ પ્રકારના પ્રેમમાં વિશેષતા અને અદ્વિતીયતા એટલા માટે છે કારણ કે તે પવિત્ર અને દિવ્ય છે. તેમના સાન્નિધ્યમાં હંમેશાં જે ઉષ્મા ને સુરક્ષિતા અનુભવાય છે—તે વ્યક્તિને સલામતીનો અહેસાસ કરાવે છે. આપણા રોજીંદા જીવનમાં એવું બને કે આપણે કેટલીક વ્યક્તિઓને સાવ ભૂલી પણ જઇએ. પરંતુ પૂ. માને તો અનેક ભક્તો હોવા છતાં, કદી કોઇને ભૂલતાં નથી, આનું બીજું કોઇ કારણ નથી. પરંતુ તેઓ ખૂબ સાચા દિલથી સહુ બાળકોને પ્રેમ કરે છે, તે છે.

મારા આખા જીવન દરમ્યાન પૂ. મા–પ્રભુ પાસેથી હું ઘણું શીખી છું. તેઓએ મને આદર, આત્મગૌરવ, શિસ્ત, સમજ, આધ્યાત્મિકતા અને પ્રેમ શું કહેવાય તે શીખવ્યું છે. આમ થતાં પૂ. માની જીવનની એક વાત મારા મનમાં કાયમ માટે અંકિત થઇ ગઇ છે. માણસનો એક સ્વભાવ છે કે આસપાસના લોકોની ટીકા કરવી. કોઇ પણ માણસના ખરાબ દોષોને શોધી કાઢવા. તેના ચારિત્ર્યની નકારાત્મક બાબતો અંગે જ વિચારવું. પરંતુ પૂ. મા તો કોઇ પણ વ્યક્તિના સારા પાસાને કે સદ્દગુણોને જ જુએ. તેનામાં શું સર્વોત્તમ છે, તેના પર ભાર મૂકે. આથી તેઓના ભક્તોને અંતરમાં સારું લાગે છે, એટલું જ નહિ, પરંતુ તેઓ પોતાના જીવનમાં પણ વિધેયાત્મક કામો કરવા પ્રોત્સાહિત બને છે તેના ફલસ્વરૂપ, ભક્તના જીવનમાં પણ મહત્ત્વનો બદલાવ આવે છે ને તેઓ સદ્દપ્રવૃત્તિઓ કરવા પ્રેરાય છે. મારા જીવનમાં પણ પૂ. માની શીખ આચરણમાં મૂકવા પ્રયત્ન કરતો રહું છું. તેના લીધે હું બીજાઓ પાસેથી ઘણું શીખી શકું છું એટલું જ નહિ, પરંતુ બીજાઓ પ્રત્યે થતાં પાપના આચરણથી હું મારી જાતને આઘી રાખી શકું છું.



પરમ પૂ. માએ જીવનના સાચા રાહ ઉપર ચાલવા કરતાં ઘણું વિશેષ મને શીખવ્યું છે. મારા જીવનમાં જ્યારે કોઇ મુશીબત કે મુશ્કેલી આવી છે, ત્યારે પૂ. મા મારી પડખે આવી ઊભાં છે. પોતે ગમે ત્યાં વિરાજતાં હોય છતાં પણ અનેકવાર મને પ્રતીતિ કરાવી છે કે તેઓ મને હંમેશાં નિહાળતાં રહે છે.

૧૫ મી ઓગસ્ટ, ૧૯૯૮ ને શનિવારના રોજ ટોરોન્ટો ધ્યાન કેન્દ્રના યુવકોએ પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીના ૭૭ મા શુભ જન્મદિનની ઉજવણી નાટકદ્વારા કરી. આ કાર્યક્રમમાં મેં પણ ભાગ લીધેલો અને એ ઉજવણીમાં મને મુખ્ય વક્તાની કામગીરી સોંપવામાં આવેલી. આખા કાર્યક્રમ દરમ્યાન મારે ગુજરાતીમાં જ

બોલતા રહેવાનું હતું. તેમાં એક ખાસ ભાગ એવો હતો જેમાં અઘરા શબ્દો અને પદો હતાં. આથી મેં તેની ખૂબ પ્રેકટીશ કરેલી. મુખ્ય કાર્યક્રમની ભજવણીના એક અઠવાડિયા પહેલાં મારે આ બધો કાર્યક્રમ પૂ. મા સમક્ષ રજૂ કરવાનો હતો. હું ખૂબ જ ઢીલો થઇ ગયો હતો કારણ કે હું જાણતો હતો કે મારે જે પરિચય કરાવતા ફકરાઓ બોલવાના હતા તે હું ભૂલો કર્યા સિવાય નહિ બોલી શકું. પરંતુ ખરેખર આ અઘરો પેરેગ્રાફ બોલવાની ક્ષણ આવી ત્યારે કોઇ પણ ભૂલ વગર હું સરસ રીતે બોલી ગયો. હું મારા અંતરમાં તો જાણતો હતો કે પૂ. માની કૃપા અને આશીર્વાદને લીધે જ આ શક્ય બન્યું હતું. તેઓએ જ જેને હું ખૂબ જ અઘરૂં કામ સમજતો હતો, તેને સરસ રીતે કરવા શક્તિમાન બનાવ્યો હતો. તેઓએ જ મને કોઇ પણ ભૂલ વગર બોલવાનું ડહાપણ અને શક્તિ પૂરાં પાડયાં હતાં. પૂ. મા સમક્ષ તે દિવસે સફળ રીતે કાર્યક્રમ ભજવાયા પછી મારે ક્યારેય ફરી એ પંક્તિઓ ઉચ્ચારવી કસોટીરૂપ બની રહી નથી. સાચે જ, પૂ. મા અને પ. પૂ. મહાત્માજીના આશીર્વાદો તા. ૧૫, ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ અમારાપર વર્ષી રહ્યા.

હું પરમ પૂજ્ય માના ચરણકમળોમાં વંદન કરી પ્રાર્થું છું કે દુનિયાની બધી ખરાબીઓથી, તેઓ અમારા ઉપર તેમની કૃપા નજર રાખી, અમને બચાવતાં રહે. વળી મને કહેવા દો કે પૂ. માએ મારા જીવનને ઉત્તમ બનાવવા માટે જે કંઇ કર્યું છે તેનો આભાર માનવા માટે મારી પાસે શબ્દો નથી. અરે, આજે હું જે કંઇ છું તે પ. પૂ. માને આભારી છું. અસ્તુ. જય કૃપાળુ મા, જય શ્રી કૃષ્ણ.



# અધ્યાત્મનો અર્ક

**યોગેશ્વરજી**

**પ્રશ્ન :** મને જ્ઞાન વિશે કાંઇ ઉપદેશ આપો.

**ઉત્તર :** જ્ઞાનના કયા સિદ્ધાંતનો ઉપદેશ જોઇએ છે તે તમારે જણાવવું જોઇએ. તે વિના એમને એમ કંઇ ઉપદેશ આપી શકાય નહીં. કેમ કે અમારો ધંધો ઉપદેશ આપવાનો નથી. જ્ઞાન તો અપાર છે. જ્ઞાનીઓએ તેને સાગરની ઉપમા આપી છે. જ્ઞાન કાંઇ તળાવ કે કૂવો નથી. તે તો અગાધ દરિયો છે. વળી તેના સિદ્ધાંત-રૂપી તરંગો પણ એટલા જ અપરંપાર છે. એટલે તમારે શો ઉપદેશ જોઇએ છે તે ચોક્કસપણે પૂછવું જોઇએ.

વળી ઉપદેશ ગમે તે માણસ આપી શકે નહીં. જેનામાં શાસ્ત્ર-જ્ઞાન હોય અથવા જેણે વિચાર ને મનદ્વારા જ્ઞાનનો નિર્ણય કર્યો હોય, ને તે જ્ઞાનને જીવનમાં ઉતાર્યું હોય, તે જ પુરુષ જ્ઞાન આપી શકે ને યથાયોગ્ય આપી શકે. ગીતાએ આવા પુરુષને માટે તત્ત્વ-દર્શી શબ્દ મૂક્યો છે. તત્ત્વ એટલે આત્મા, પરમાત્મા, શરીરમાં રહેલું ચેતન. તેનું જેણે પોતાના શરીરમાં ને જડચેતનમાં બધે દર્શન કર્યું હોય તે તત્ત્વદર્શી. આવો પુરુષ જે ઉપદેશ આપે તે અનુભવનો જ હોય એટલે તે યથાર્થ હોય, ને સીધો તેમ જ સચોટ હોય.

**પ્રશ્ન :** તો પછી તમને ફાવે તે વાતનો ઉપદેશ આપો.

**ઉત્તર :** આ તો એવું થયું કે ડોક્ટરને ત્યાં જઇને કહીએ કે તમને ફાવે તે દવા આપો. એમ કાંઇ દવા મળે? દર્દ કહેવું પડે,

પરીક્ષા કરવી પડે, પછીથી દવા મળી શકે. ગંગામાં પાણી હોય પણ તેને લેવા હાથ લંબાવવો પડે કે પાત્ર ભરવું પડે, એમને એમ ક્યાંથી કામ થાય?

જ્ઞાન પ્રાપ્તિને માટે ગીતા ત્રણ આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. પ્રથમ તો જ્ઞાનીના ચરણોમાં પ્રણામ કરવા જોઈએ. એટલે એ દ્વારા જાહેર થાય છે કે જિજ્ઞાસુએ પોતાનો મદ, અહંકાર છોડી દીધો છે, ને પોતે નમ્ર થયો છે. આ પછી પ્રશ્ન કરવા પડે છે. ને સાથે સાથે સેવા પણ કરવાની હોય છે. કેમ કે સેવાથી જ જ્ઞાની પ્રસન્ન થાય છે, તે ગૂઢમાં ગૂઢ રહસ્ય પણ જિજ્ઞાસુ આગળ પ્રગટ કરી દે છે. વિના પૂછ્યે મેં તમને જ્ઞાનની આટલી વાત તો જણાવી દીધી. હવે કાંઇ વિશેષ પૂછવું હોય તો કહો.

**પ્રશ્ન :** અદ્વૈત જ્ઞાન કે જ્ઞાન વિશે વળી કાંઇક કહો. સાંભળવા-નું ઘણું મન થાય છે.

**ઉત્તર :** હાલ તો ગમે તેવો માણસ બેચાર જ્ઞાનના ગ્રંથો વાંચીને અદ્વૈત જ્ઞાનની વાતો કરવા મંડી જાય છે. પંચદશી, પંચીકરણ, વિચારસાગર ને એવા એવા વેદાંતના બે ચાર ગ્રંથ વાંચ્યા એટલે બધા માનવા બેસી જાય છે કે અમે જ્ઞાની થઇ ગયા, ને સીધા 'અહં બ્રહ્માસ્મિ' પદે પહોંચી ગયા! પરંતુ એ તો જ્ઞાનની ભ્રમણા માત્ર છે. જે જ્ઞાન જીવનમાં કામ લાગી શકે નહીં, જેનાથી જીવન શુદ્ધ, ઉજ્જ્વલ ને બલવાન બની શકે નહીં, જીવનમાં જે અનુભૂત બની શકે નહીં, તેને જ્ઞાન કહી શકાય નહીં. આજે તો વેદાંતની વાતો કરનાર માણસોમાં કામ, ક્રોધ, પંડિતાઇનું અભિમાન ઘર ઘાલીને બેઠું હોય છે. વાતો થાય છે. 'અમારામાં ને બ્રહ્મમાં કાંઇ જ ભેદ નથી.' એવી, પરંતુ ગુણ–સ્વભાવ બધું



સાધારણ માણસના જેવું હોય છે. પછી તેમને કેવલ પોપટિયા વાણીને લીધે બ્રહ્મ કેવી રીતે કહી શકાય? વેદાંત તો કહે છે કે 'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ' જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થઇ જાય છે. જ્ઞાનની જે શક્તિ, બ્રહ્મનો સ્વભાવ, તે બધું તેનામાં આવી જાય છે. માણસ પામરતાથી ઉપર ઊઠી મહાન ને છેવટે વિરાટ બને છે. ને બંધનમાંથી મુક્ત બની છેવટે પરમ- શાંતિને પ્રાપ્ત કરી લે છે.

જ્ઞાન ને વિચાર કે જીવનની વાસ્તવિકતા વચ્ચેનું અંતર શા માટે રહે છે તેનું કારણ છે, જ્ઞાન પ્રાપ્તિની જે ભૂમિકા આપણે ત્યાં નક્કી થઇ છે તેનું પાલન આપણામાં ભાગ્યે જ થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરતા પહેલાં માણસને બીજી કેટલીક તૈયારી કરવી પડે છે. તે તૈયારી થયા પછી જ જ્ઞાન પ્રાપ્તિનો અધિકાર આવ્યો ગણાય છે. આ તૈયારી કેવી હોવી જોઈએ તે વિશે ટૂંકમાં વિચારીએ.

પહેલું પગથિયું વિચાર કે વિવેક છે. વિવેક એટલે સારું ને નરસું; સત્ય અને અસત્ય, વિનાશી અને અવિનાશીને પારખવાની શક્તિ.

બુદ્ધિમાન માણસો વિવેકી પુરુષને હંસની ઉપમા આપે છે. હંસ વિશે કહેવાય છે કે તેની આગળ દૂધ ને પાણી મૂકો તો દૂધને તે પાણીથી છૂટું કરી દે છે. આને નીરક્ષીર વિવેક પણ કહે છે. આ વિવેક સંસાર ને જીવનમાં હંમેશાં જાગૃત રાખવાનો છે, સંસારમાં સાચું શું છે ને ખોટું શું છે, શું કરવું હિતાવહ ને શું કરવું નુકસાનકારક છે, આ બધું દૃશ્યજગત વિનાશી છે કે અવિનાશી, તેનો સ્વસ્થચિત્તે વિચાર કરવાનો છે. આવો વિચાર કરીને બેસી રહેવાથી કાંઇ વળતું નથી. વિચારો દ્વારા જેને સાચું

માન્યું છે તેને જીવનમાં અપનાવવાનો ને અનુસરવાનો પ્રયાસ કરવો જોઈએ.

જ્યાં વિચાર દ્વારા નક્કી થયું કે જગતની બધી જ વસ્તુ વિનાશી છે, પરિવર્તનશીલ છે, કેવલ ચેતન સત્તા કે ઈશ્વર જ સત્ય છે, એટલે માણસ ઈશ્વરમાં પ્રેમ વધારવાનો ને સંસારની વસ્તુઓમાંથી રાગને દૂર કરવાનો. આને વૈરાગ્ય કહે છે. વૈરાગ્ય એટલે વિરાગ. વિરાગના બે અર્થ છે. એક તો રાગનું વિગત થવું ને બીજું રાગનું વિશેષપણે હોવું. એટલે ઈશ્વરમાં રાગ વધે ને સંસારના ક્ષણભંગુર પદાર્થોમાં રાગ ને મમતા ઘટે તે વૈરાગ્ય. આ બીજું પગથિયું.

આ પછી આવે છે શમ ને દમ. શમ એટલે મનનો નિગ્રહ. મનની ચંચલતા દૂર થાય, કામ, ક્રોધ, અભિમાન, માન—અપમાન જેવા દ્વંદ્વોની મનપર થતી અસર—તેનાથી મન પર (ઉપરામ) થાય ત્યારે મનોનિગ્રહ સિદ્ધ થયો ગણાય. આમાં જપ, ઉપાસના, સત્સંગ ખૂબ મદદ કરે છે. આની સાથે સાથે દમનું મહત્ત્વ મનાયું છે. દમ એટલે ઇંદ્રિયોનો નિગ્રહ. બ્રહ્મચર્યનું પાલન કરવું, આંખથી બધે પ્રભુનું રૂપ જોવા ટેવ પાડવી, કાનથી સત્સંગ—વાર્તા કે કથા-શ્રવણ કરવું. વાણીથી સત્ય ને મધુર બોલવું, સ્વાદજય કરવો એ બધાનો દમમાં સમાવેશ થાય છે.

આ પછી આવે છે ઉપરતિ. સંસારના પદાર્થોમાંથી મન ઉપ-રામ થઈ જાય, સંસારની ગડમથલમાંથી મન દૂર હટી જાય, તે ઉપરતિ છે. પછી તિતિક્ષા. સુખદુઃખ, ટાઢ—તાપ, માન—અપમાન, જે પરિસ્થિતિ મળે તેમાં સ્વસ્થચિત્તે રહેવું, તેનું નામ તિતિક્ષા. શાસ્ત્ર કે ગુરુના વચનમાં અથવા પોતાની શક્તિમાં કે ઈશ્વરમાં



પૂર્ણ વિશ્વાસ તે શ્રદ્ધા. પોતાના માર્ગ વિશે કોઈ શંકા ના હોવી તેનું નામ સમાધાન.

ને છેલ્લે આવે છે મુમુક્ષત્વ. મુમુક્ષત્વ એટલે મુક્તિ મેળવવા-ની, શાંતિ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા.

સાધકે આ બધાં અંગોને જીવનમાં ઉતારવાં પડે છે. તે પછી જ તે જ્ઞાનનો અધિકારી બની શકે છે. આવી પ્રાથમિક તૈયારી ના થાય ત્યાં લગી માણસે સંધ્યાપૂજા, ઉપાસના જેવાં નિત્યકર્મ કરવાં જોઈએ. અથવા હૃદયશુદ્ધિ સાધી દૈવીસંપત્તિની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો જોઈએ. આવી તૈયારી કર્યા પછી મુક્તિની તીવ્ર ઇચ્છાવાળા, સ્વસ્થ ચિત્તના સાધકે જ્ઞાનોપદેશ લેવા સદ્‌ગુરુદેવ પાસે જવું જોઈએ. આવો જ સાધક જ્ઞાનપ્રાપ્તિનો અધિકારી છે એમ ઉપનિષદાદિ શાસ્ત્રો ને જ્ઞાનના સૂર્ય જેવા શંકરાચાર્ય પણ કહે છે. આવા સાધકને ગુરુએ બ્રહ્મતત્ત્વનો ઉપદેશ આપવો એમ આપણે ત્યાં પ્રાચીનકાળથી, સ્વીકારાયેલું છે. આ રીતે જ્ઞાન પ્રાપ્ત કરવાને બે ચાર વર્ષનો ભલે વિલંબ થાય, પણ પૂરી તૈયારી પછી જે જ્ઞાન મળશે તે અસરકારક બનશે, દિલના ઊંડાણમાં ઊતરી જશે, ને પરમશાંતિ આપશે. તેવા જ્ઞાનથી જીવનનો વ્યવહાર ને વિચારની વિસંવાદિતા તદ્દન દૂર થઈ જશે, ને માણસ જે વિચારશે કે બોલશે તે તેના કર્મોમાં, મૂર્તિમંત થયેલું જણાશે. આવું જ જ્ઞાન વાસ્તવિક અર્થમાં જ્ઞાન છે.

# * હરિ ! તમે *

મા સર્વેશ્વરી

જ્યારે જ્યારે જીવનમાં વિપત્તિનાં વાદળો વરસે, પ્રતિકૂળ પરિસ્થિતિનું સર્જન થાય, ચિંતાથી ચિત્ત ચગડોળે ચઢી જાય ત્યારે ત્યારે સ્વજનો, મિત્રો કે વડીલોને પોકારવાને બદલે પ્રભુને જ અંતરના અંતરતમથી પ્રાર્થના કરીએ તો પ્રભુ જરૂર સાંભળશે એવા વિશ્વાસ સાથે થયેલી પ્રાર્થના કદી પણ નિષ્ફળ જતી નથી.

સાધનાક્ષેત્રે કે સાંસારિક યા સામાજિક ક્ષેત્રે અનેકવિધ ઉપાધિઓમાંથી પણ, હે પ્રભુ ! તમે જ પાર ઉતારવાને શક્તિમાન છો. તો, હે પ્રભુ ! કૃપાની વર્ષા કરોને.

જીવનને પરમપવિત્ર બનાવીને જીવનપંથને સરળ કરીદો, જેથી કોઇ બાહ્ય કે આંતરિક અવરોધો આડે ના આવે. હે પ્રભુ ! તમારા દરબારે સહજ રીતે દોડી જવાય અને તમે તરત જ સ્વીકારી લો એવી કંઇક કૃપા વરસાવી દો.

શ્રીહરિનાં શ્રીચરણે થયેલી આ પ્રાર્થના પ્રભુએ સાંભળી હતી. તેથી આ પ્રાર્થના મારે મન વિશેષ મહત્ત્વની છે. જે પોકારશે તેને પણ આ પ્રાર્થનાથી શાંતિ મળશે જ.

હરિ ! તમે હળવો કરો મારો ભાર.
અવનવી અગણિત આવે ઉપાધિ,
કરી દો મુજને પાર.
તમ થયેલી ધરા પુકારે,
વરસો વર્ષાની ધાર. હરિ ! તમે૦



ચિંતા–ક્લેશને દૂર કરી દો,
જીવનના આધાર !
તન–મન–અંતર વિમલ કરી દો,
જીવનના હે સાર ! હરિ ! તમે૦

સરળતાથી પંથ કપાયે,
દોડી આવું દરબાર.
વિનો વિલંબે સ્વીકારી લોને,
કેમ લગાડો વાર ? હરિ ! તમે૦

# * સુધારો *

અધ્યાત્મ માસિકના માર્ચ ૨૦૦૨ ના "પ્રણામનો પાસપોર્ટ" એ જ્યોત્સ્નાબેન ત્રિવેદીના લેખના પાના ૪૩ ઉપર ત્રીજા પેરેગ્રાફમાં બીજી લીટીમાં જણાવ્યું છે કે પ્રણામનું ફળ એક 'રાજસૂય યજ્ઞ' જેટલું નહિ, પરંતુ એક 'અશ્વમેધ યજ્ઞ' જેટલું છે એમ વાંચવું.

વળી પાના ૪૫ ઉપર પહેલી લીટીમાં 'શ્રી વિજય કલોલા'ને બદલે 'શ્રી વિજયભાઇ કનેરિયા' વાંચવું.

લેખકોને જ્યારે કંઇ લખે ત્યારે થોડી ચોકસાઇ રાખી લખે અને સરખાં નામ હોય ત્યાં વ્યવસ્થિત અટક લખવામાં ધ્યાન રાખવા ખાસ વિનંતી છે.

—તંત્રી

# * શું પાયું છે? *

તમે મને શું પાયું છે? તે કહે છે કે તમે મને કૈં પાયું છે. પણ તમે જ કહોને તમે મને બીજું શું પાયું છે! પાયો છે કેવલ તમારો પ્રેમ. તમારો રસ. એના આસ્વાદથી મારાં અંગાંગ ફરી ગયાં છે, ને રોમ રોમ નવાં થયાં છે. મારા હૃદયમાં પ્રેમનો પવિત્ર પ્રવાહ વહેવા માંડયો છે. મારા વિચાર, ભાવ ને સંકલ્પો તમારી તરફ જ વહેવા માંડયા છે. ટૂંકમાં કહું તો હું તમારો જ થઇ ગયો છું.

તમારા વિનાની બીજી બધીયે વસ્તુની મમતા દૂર થઇ છે, ને તમારી જ સિતારી મારી નસોમાં શરૂ થઇ છે. તમારા વિના મારી આંખ ને મારા અંતરમાં કૈં જ નથી. એવી આપણી માયા થઇ છે. તે જોઇને તે મને પૂછે છે કે તમે મને કાંઇક પાયું છે. પણ તમારા પ્રેમવિના તમે મને બીજું શું પાયું છે? કેમ કરીને કહું કે તમે મને તમારી કૃપાનુ પિયૂષ પાયું છે!

— યોગેશ્વરજી


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯ / ટે. નં. ૬૨૨૬૯




# સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી

યોગેશ્વરજી

ભગવતી ભાગીરથીનો કલકલ નાદ કરતો સુંદર પ્રશાંત પ્રવાહ વરસોથી વહી રહ્યો છે. એની આજુબાજુ એકાંત અરણ્ય ને આકાશને અડવાની હરીફાઇ કરતા ઊંચા ઊંચા હિમાચ્છાદિત પર્વતો છે. એ અસાધારણ આનંદદાયક દૃશ્યને જોતાંવેંત જ એમ થાય છે કે અહીં રહી જઇએ ને થોડો વખત તપશ્ચર્યા કરીને આત્માનુભવથી જીવનને કૃતાર્થ કરીએ.

જે સુંદર પ્રદેશ મનને એવી રીતે પ્રથમ દર્શને જ મુગ્ધ કરે છે તથા સર્વોત્તમ આધ્યાત્મિક જીવનની ઉદાત્ત ભાવનાઓથી ભરે છે તે ઉત્તરાખંડના ગંગોત્રી પ્રદેશનો પુણ્યપ્રવાસ દર વરસે હજારો પ્રવાસીઓ કરે છે, અને એ પવિત્ર પુરાણપ્રસિદ્ધ પ્રદેશનાં સુખદ સંસ્મરણો લઇને પાછા ફરે છે.

હિમાલયના એ ગંગોત્રી ધામમાં, ભગવતી ભાગીરથીને સામે કિનારે, એક નાની સરખી કુટિરમાં એક મહાપુરુષ બેઠેલા છે. હિમાલયની ઋષિમુનિસેવિત ભૂમિમાં વસનારા એ મહાપ્રતાપી મહાત્માઓમાંના એકને જોવા હોય તો આવો એમનું દર્શન કરીએ.

એમણે ગંગોત્રીના અતિશય ઠંડા વાતાવરણમાં વસવા છતાં પોતાના શરીર પર એકે વસ્ત્ર નથી વીંટયું. એ તદ્દન દિગંબર દશામાં શરીરને ટટ્ટાર યાને સીધું રાખી, પદ્માસન વાળીને બેઠા છે. એમના શરીરની ચામડી ખૂબ જ કાળી છતાં કાંતિવાળી છે.

એમની આંખ તેજસ્વી, શાંત અને મોટી છે તથા એમના મસ્તક પર જટા છે.

એ કેવળ પરાળ પર બેઠા છે. દર્શનાર્થીઓ આવે છે ને જાય છે પરંતુ એ એવા જ અચળ રહે છે. કલાકો લગી પદ્માસન પર બેસી રહે છે. વરસોથી એ મૌનવ્રત રાખતા હોવાથી કોઇની સાથે વાતચીત નથી કરતા. તો પણ કોઇ જિજ્ઞાસુ કોઇ પ્રશ્ન પૂછે તો જમીન પર આંગળીની મદદથી લખીને એ પ્રશ્નોના ઉત્તર પૂરા પાડે છે. એ ઉત્તરો ઘણા મુદ્દાસરના ને સારવાહી હોય છે. જુઓને, એક જિજ્ઞાસુએ આસપાસની શાંતિનો ભંગ કરીને એમને હિંમતપૂર્વક પ્રશ્ન પૂછ્યો :

'મહારાજ, જીવનકા ધ્યેય ક્યા હૈ?'

એમણે આંગળીથી જમીનપર લખી સ્મિતપૂર્વક તરત ઉત્તર આપ્યો, 'અપને કો પહચાનના.'

જિજ્ઞાસુના મનનું સમાધાન થઇ ગયું. સ્વરૂપનો સાક્ષાત્કાર સચ્ચિદાનંદરૂપ પરમાત્માનું દર્શન અથવા આત્માનુભવ એ જ જીવનનું ધ્યેય છે એની એને ખાતરી થઇ.

કોઇક વાર એ મહાપુરુષની ઇચ્છા હોય અથવા એમને પ્રેરણા થાય તો એ વગર પૂછ્યે પણ વાત કરે છે. એક તાજેતરનું જ ઉદાહરણ આપું. ઉત્તર પ્રદેશના એક ધનાઢ્ય, લબ્ધપ્રતિષ્ઠ પુરુષ ગંગોત્રીની યાત્રાએ ગયા. એમણે એ મહાપુરુષની મુલાકાત લીધી પરંતુ એમની સાથે જે સ્ત્રી હતી તે એમની પોતાની સ્ત્રી ન હતી.

એમની પોતાની પત્નીનું તો મૃત્યુ થયેલું અને એ પછી ઘરબાર વગરની અને બુરે રસ્તે ચઢી ગયેલી સાધારણ જાતિની



એ સ્ત્રીને એમણે કુટુંબીજનોની અનીચ્છાની ઉપરવટ જઇને, પોતાની સ્ત્રી તરીકે પોતાના ઘરમાં રાખેલી.

એની સાથે એમણે વિધિપૂર્વક લગ્ન નહોતું કર્યું તોપણ બહારના બીજા લોકો એવું જ માનતા કે એ એમની પત્ની છે. ગંગોત્રીમાં એ સ્ત્રીને લઇને એ પેલા પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષના દર્શન માટે ગયા ત્યારે, પોતાના વ્યક્તિગત જીવનની એ હકીકત એમણે જાહેર ના કરી તોપણ, એ મહાત્મા પુરુષે એમના મનના ભાવોને માપી લઇને પોતાની લાક્ષણિક ઢબે લખી બતાવીને કહ્યું, 'ઇસ સ્રીકો ઘરમેં રખ્ખી હૈ સો અચ્છા કિયા હૈ. એક દુર્દશાગ્રસ્ત નારીકા ઉદ્ધાર હુઆ–પરંતુ ઉસે છોડના હિ ઔર દુઃખી ભી નહિ કરના, ઉસકા બરાબર ધ્યાન રખના.'

શ્રીમંતના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એમને થયું કે આ મહાપુરુષને મારી સાથેના આ સ્ત્રીના સંબંધની ગુપ્ત વાતની ખબર ક્યાંથી પડી?

એમને ખાતરી થઇ કે આ મહાપુરુષની શક્તિ ઘણી અસાધારણ છે, એટલે જ એ મારા જીવનને જાણી શક્યા છે.

એ પોતે સંતોમાં શ્રદ્ધા રાખતા ન હોવા છતાં, એ મહાપુરુષ માટે એમના મનમાં માન પેદા થયું અને પછી તો એ મહાપુરુષના એ ભક્ત બની ગયા.

એમણે એમની સ્મૃતિને સાચવી રાખવા માટે, એમની ઉપરાઉપરી આનાકાની છતાં, એમના ફોટા લીધા. એમના વધુ ને વધુ સમાગમની ઇચ્છાથી પ્રેરાઇ ગંગોત્રીનો પોતાનો મુકામ લંબાવ્યો.

ગંગોત્રીના પુણ્યપ્રદેશમાં હિમાચ્છાદિત પર્વતમાળાથી વીંટળાયેલા એકાંત, શાંત આશ્રમમાં વર્ષોથી રહેતા તથા પોતાના દર્શન

માત્રથી જ લોકોને માટે પ્રેરક થનારા એ મહાપુરુષ કોણ છે તે જાણો છો? એમનું નામ મહાત્મા કૃષ્ણાશ્રમજી છે.

એમને જોતાં કે એમની પાસે બેસતાંવેંત હૃદય એક પ્રકારની ઊંડી શાંતિ, સાત્ત્વિકતા ને પ્રસન્નતાનો અનુભવ કરે છે, ને લાગે છે કે પ્રાચીન કાળના કોઈ વાલ્મિકી, વસિષ્ઠ કે વિશ્વામિત્ર જેવા મહાત્મા પુરુષ પાસે આપણે આવી પહોંચ્યા છીએ. એ સનાતન શાંતિમાં સ્નાન કરતા બેઠા હોય છે એ મહાત્માને કોઈ પ્રકારનાં પ્રવચન કરવાની યા ભાષણ આપવાની આવશ્યકતા નથી હોતી, એમનું જીવન જ શાસ્ત્ર અથવા પ્રવચનરૂપ હોય છે.

એમની હાજરી જ અવની માટે આશીર્વાદરૂપ હોય છે. તેઓ પોતાના આદર્શ જ્યોતિર્મય જીવનદ્વારા જ કેટલાયના જીવનમાં ક્રાંતિ કરે છે, પ્રેરણા ધરે છે ને પ્રકાશ ભરે છે.

વિશ્વસ્ત સૂત્રોના આધાર પર જાણી શકાયું છે કે કૃષ્ણાશ્રમનું વય અત્યારે એકસો બે વરસનું છે. છતાં પણ એમનું શરીર સ્વસ્થ અથવા સુદૃઢ છે, અને એમનો નિત્યક્રમ તેવી જ અબાધિત રીતે ચાલુ રહે છે, એ આત્મિક રીતે આટલી બધી ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં, પોતાના મોટા ભાગનાં કામો પોતાની મળે જ કરી લે છે.

હમણાં ગયા ઓક્ટોબર મહિનામાં જ એક ભાઈ એમના દર્શને ગયેલા. એક દિવસ વહેલી સવારે એ એમની પાસે ગયા તો એમણે એક અજબ દૃશ્ય જોયું. દિગંબર સ્વરૂપના કૃષ્ણાશ્રમજી ભગવતી ભાગીરથીમાં સ્નાન કરીને બે હાથમાં પાણી ભરેલી બે ડોલ લઈને પોતાની કુટિર તરફ આવી રહેલા. કેટલું સુંદર છતાં કરુણ દર્શન! એ જોઈને પેલા ભાઈ દોડીને એમની પાસે પહોંચ્યા



અને એમના હાથમાંથી ડોલ લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ પ્રયાસ સફળ ના થયો.

કૃષ્ણાશ્રમજી ડોલને ઊઠાવીને શાંતિપૂર્વક આશ્રમમાં આવ્યા અને પછી પરાળ પર પદ્માસન લગાવી બેસી ગયા, જમીન પર લખીને એમણે કહી બતાવ્યું.

'અપના કામ જહાં તક હો શકે અપને હાથસે કરના અચ્છા. ઉસમેં આનંદ, આઝાદી ઔર સુખ હૈ.'

ગંગોત્રીમાં જ રહેતા કૃષ્ણાશ્રમજીના ભક્ત સ્વામી સુંદરાનંદજી કહે છે કે કૃષ્ણાકાશ્રમજીનો એ રોજનો ક્રમ છે. ગંગામાંથી (ગંગોત્રીમાં એમનું નામ ભાગીરથી છે) એ રોજ પોતાના હાથે જ પાણી ભરી લઈ આવે છે.

સુંદરાનંદજી મહાત્મા કૃષ્ણાશ્રમના જીવનની એક બીજી કથા કહી બતાવે છે.

એક વાર કુટિરનો પાછળનો પહાડ તૂટી પડવાથી કુટિરને નુકશાન થયું. કૃષ્ણાશ્રમજી ભયંકર રીતે ઘાયલ થયા. એમના શિરમાં ને મુખમાં કાંટા તથા જંગલી લાકડીઓ પેસી ગઈ. એમના જખમમાંથી લોહી નીકળવા લાગ્યું અને એ બેશુદ્ધ જેવા બની ગયા.

સ્વામી સુંદરાનંદજીએ તે અતિ દુઃખદ દૃશ્યને જોયું ત્યારે એમનું કાળજું કંપવા લાગ્યું. કૃષ્ણાશ્રમજીએ એમને પોતાના શિર, મુખ અને શરીરમાંથી કાંટા ને લાકડીઓ કાઢવાની સૂચના કરી. એમણે ડોક્ટરને બોલાવવાની સાફ ના પાડી. સુંદરાનંદે રડતા હૃદયે એ સૂચનાનો અમલ કર્યો. એમણે કૃષ્ણાશ્રમના શરીરને સાફ કર્યું.

એ કામ ખૂબ જ વ્યથાજનક–પીડાકારક હતું, તોપણ એ મહાત્મા પુરુષ દેહભાવથી પર થયેલા હોવાથી એ દરમ્યાન એકદમ શાંત રહ્યા. આંખો બંધ રાખીને એ સમાધિ દશામાં લીન બની ગયા. દેહભાવથી પર થઈને દેહની અસરોથી ઉપરવટ જઈ આત્મભાવમાં આસીન થવાનો એ પ્રસંગ યાદ કરીને સ્વામી સુંદરાનંદજી આજે પણ ગદ્‌ગદ્ બની જાય છે.

હિમાલયની ભૂમિમાં છેલ્લાં પચાસ વરસોના ગાળામાં ત્રણ ખ્યાતનામ મહાપુરુષો થઈ ગયા. એક તો ઋષિકેશના સુપ્રસિદ્ધ સ્વામી શિવાનંદજી, બીજા ઉત્તરકાશીના સ્વામી તપોવનજી ને ત્રીજા ગંગોત્રીના મહાત્મા કૃષ્ણાશ્રમજી.

ત્રણે દક્ષિણ ભારતમાં જન્મેલા અને આત્મોન્નતિ માટે હિમાલયમાં આવેલા. એમાંથી કૃષ્ણાશ્રમજી એકદમ વિલક્ષણ નીકળ્યા. એમનું મન ગંગોત્રીના ઠંડા પ્રદેશમાં લાગી ગયું અને એ ત્યાં રહીને યોગની સાધના કરવા માંડ્યા. પહેલાં એ દંડી સંન્યાસી હતા. પરંતુ પાછળથી દંડ તથા વસ્ત્રોનો ત્યાગ કરીને દિગંબર રૂપે રહેવા માંડ્યા.

ઠંડા પવનની લહરી જ્યાં ચામડીને ચીરી નાંખે છે ને જ્યાં સામાન્ય માણસને માટે લાંબુ રહેવાનું મુશ્કેલ છે, એવા ગંગોત્રી-ના તપઃપુત પ્રદેશમાં શરીરની બાહ્ય ક્રાંતિ કરીને અને એમાં સર્વસ્વ માનીને એ બેસી ન રહ્યા, પણ મન તેમ જ અંદરની અગત્યની ક્રાંતિને સુધારવા મૌનધારણ કરીને સાધનામાં લાગી ગયા. 'નર કરણી કરે તો નરકા નારાયણ હોય' એ ઉક્તિ અનુસાર તે નરમાંથી નારાયણ બનવા તલપાપડ થયા. દૃઢ સંકલ્પ, ઉત્સાહ, ત્યાગ તથા નિરંતર પુરુષાર્થના પરિણામે થોડા વખતમાં



તો એમને ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એમને શાંતિ મળી.

પંડિત મદનમોહન માલવીયાજી એમને ઘણો આગ્રહ કરી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં વરસો પહેલાં લઈ આવેલા, એથી બહારની દુનિયાને એમની મોટા પ્રમાણમાં જાણ થઈ.

મોદીનગરવાળા ગુજરલાલ મોદી એમને ચારેક વરસ પહેલાં મોદીનગરમાં મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે લાવેલા. કૃષ્ણાશ્રમજી કહે છે, 'મોદી યહાં આકે અનશન કરનેકો તૈયાર હુઆ થા, ઈસલિયે મૈંને ઉનકે સાથ જાનેકી બાત માન લી.'

શિયાળામાં એ ઉત્તરકાશીમાં અથવા ગંગોત્રીની બાજુમાં ધરાલી પાસે આવીને વાસ કરે છે. કૃષ્ણાશ્રમજી વરસોસુધી ગંગોત્રીમાં એકલા જ રહ્યા, પરંતુ એક દિવસ એમની પાસે એક સ્ત્રી આવી પહોંચી. એના રૂપમાં એમનું શેષ રહેલું પ્રારબ્ધ આવ્યું અથવા ઈશ્વર ઇચ્છા આવી એમ કહીએ તો ચાલે. એ સ્ત્રી ગંગોત્રીની બાજુના ગામની એક પરણેલી સ્ત્રી હતી. ઘરમાં ક્લેશ હોવાથી એ ગંગામાં પડવા નીકળી પડેલી. પરંતુ ભાગ્ય તેને ગંગોત્રી ખેંચી લાવ્યું.

એણે કૃષ્ણાશ્રમજીને આશ્રય આપવાની પ્રાર્થના કરી. મહાત્મા પુરુષે કરુણાથી પ્રેરાઈને એને પોતાની પાસે રહેવાની રજા આપી. અને બાજુમાં એક જુદી કુટિર કરી આપી.

ત્યારથી એ સ્ત્રી એમની સેવામાં રહે છે. એનું નામ એમણે ભગવત સ્વરૂપ પાડ્યું છે. ભગવતસ્વરૂપ ભારે વિવેકી ને સેવા-ભાવી છે. એને સંસ્કૃતનું સારું જ્ઞાન થયું છે. દર્શનાર્થીઓને આવકારવાનું કામ એ જ કરે છે. ભગવાં વસ્ત્રધારી એ ભગવત-સ્વરૂપનો વિકાસ થયો છે.

કૃષ્ણાશ્રમજી અગ્નિને ઉધઇ ન લાગે તેમ એના એ જ રહ્યા છે. કેટલાંક સંકુચિત ને દ્વેષી સાધુઓએ એ ઘટના પછી એમની વિરુદ્ધ પ્રચાર કરવાનું અને એમની નિંદા કરવાનું ચાલુ કર્યું પણ એમના પર એની ખરાબ અસર ન થઇ. એ તો પોતાને ત્યાં આવતા સાધુઓનો સત્કાર તથા સાધુઓની સેવા કરતા જ રહ્યા.

કૃષ્ણાશ્રમજી આટલા મહાન હોવા છતાંય એમનો કોઇ મઠ નથી, તથા એમની સાથે નાનું કે મોટું સિદ્ધ મંડળ નથી. ભારતીય પ્રાચીન પરંપરાના પ્રતિનિધિ જેવા એ સમર્થ સંત શિશુ જેવા શુચિતા અને સરળતાથી જીવી રહ્યા છે. પ્રાચીન પરંપરાના અથવા જૂની પેઢીના મહાન સંતો એક પછી એક વિદાય થતા જ જાય છે. દેહાધ્યાસ અથવા દેહબંધનથી મુક્તિ મેળવીને આત્માની અનેરી દુનિયામાં શ્વાસ લેતા કૃષ્ણાશ્રમજી આપણી વચ્ચે છે ત્યાંસુધી એમના દર્શનનો લાભ લઇશું તો એ આપણે માટે આશીર્વાદરૂપ થશે. કૃષ્ણાશ્રમજી ભારતની વિરલ અસાધારણ સંત-વિભૂતિઓમાંની એક છે. હિમાલયમાં મહાન સંતપુરુષોને મળવા માગનારા પ્રવાસીઓએ એમનું દર્શન અવશ્ય કરવા જેવું છે.

O



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સિંહાસનસ્થ પરમ સિંહાસન પરથી ઊઠીને એ ધરતી પાસે આવી પહોંચ્યા ને કહેવા લાગ્યા : 'સીતા, તું ક્યાં ચાલી ગઇ? તેં મારો ત્યાગ શા માટે કર્યો? તું ધરતીમાં શા માટે સમાઇ ગઇ? ગમે તેમ કર, પણ હવે બહાર નીકળ. તને હવે એક ક્ષણને માટે પણ દૂર નહિ થવા દઉં.'

વળી બોલ્યા : 'અરેરે, મને ક્યાં કલ્પના હતી કે, પરિણામ આવું વિચિત્ર આવશે? આવી ખબર હોત તો હું તને વનમાં મોકલત જ નહિ. તારા જવાથી મારું જીવન ઉજ્જડ બની ગયું.'

વાલ્મિકીએ રામને સાંત્વન આપતાં કહ્યું :

'સીતાના જવાથી હું પણ મારી પુત્રીને ખોઇ બેઠો છું. મારું દુઃખ તમારા દુઃખના જેવું જ અસહ્ય છે. પરંતુ એ દુઃખને સહન કર્યાસિવાય બીજો રસ્તો નથી. સીતાએ તમારી ઇચ્છા પ્રમાણે પોતાની પવિત્રતા તથા નિષ્ઠાની ખાતરી કરાવી આપી છે. એનું સમર્પણ ખૂબ જ કમનસીબ અને શોકજનક છે તોપણ પ્રજાને માટે—સમસ્ત સંસારની પ્રજા માટે પ્રેરણાદાયક થઇ પડશે. સીતાએ આપણને ત્યાગ, સંયમ, સ્નેહ તેમ જ સમર્પણનો મહામંત્ર પૂરો પાડયો છે. તમારા જીવનમાં જે અણધારી, આકરી અગ્નિપરીક્ષા આવી છે એમાંથી તમે પાર ઊતરશો એવી મને શ્રદ્ધા છે.

મંદોદરીએ કહ્યું : 'મને આટલે દૂરથી ઈશ્વરે આ જ જોવા

બોલાવી? સીતાનો અંત આટલો જલદી અને આવી કરુણ રીતે આવશે તેની મને કલ્પના સરખી ન હતી.'

ઊર્મિલા આંસુ સારતાં બોલી : 'સીતાવિનાના જીવનની કલ્પના પણ મારાથી નથી કરી શકાતી. એમ લાગે છે કે જીવનનો સારોય રસ જાણે કે સૂકાઇ ગયો.'

વિભીષણ, હનુમાન, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન ને વસિષ્ઠ પણ શોક કરવા લાગ્યા.

પરિસ્થિતિ એટલી બધી કરુણ હતી કે કોઇ કોઇને શાંત રાખે કે સમજાવે એવી શક્યતા જ ન રહી.

મહર્ષિ વાલ્મિકી અને વસિષ્ઠને માથે સૌને આશ્વાસન આપવાની જવાબદારી આવી પહોંચી.

એ બંને મહાપુરુષોવિના કોઇનામાં એ કામ કરવાની પૂરતી શક્તિ પણ ન હતી.

મહર્ષિ વાલ્મિકી મોડેથી ઉતારા પર આવ્યા ત્યારે કદ્રુ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઇને એમના પગમાં પડયો.

એની આંખમાં પશ્ચાત્તાપનાં અનંત આંસુ ઉમટી પડયાં.

વાલ્મિકીએ એને આશીર્વાદ આપ્યો.

ભૃગુએ એને એકલો જોઇને જણાવ્યું : 'આજે તને પ્રકાશ મળ્યો, નવજીવન જડયું, તથા તારું સમર્પણ સંપૂર્ણ થયું, એ જોઇને સૌથી વધારે આનંદ મને થયો.'

'સાચું છે.' કદ્રુએ કહ્યું : 'આજે હું આપણા ગુરુદેવની મહાનતા સમજી શક્યો, અને એમનો સાચો શિષ્ય પણ આજે જ બની શક્યો.' (ક્રમશઃ)

## * મતિ, ગતિ અને પ્રગતિ *

ભગવાને ગીતામાં કહ્યું છે. અતિશય દુરાચારી કોઇ પુરુષ હોય તો તે પણ જો પરમાત્માનું શરણ લે, પરમાત્માનું શરણ લીધા પછીથી દુરાચારમાંથી મુક્તિ મેળવવાનો સંકલ્પ કરીને સદાચારી બને, સત્કર્મ પરાયણ જીવન જીવે તો તેના પ્રભાવથી એ ધર્માત્મા બની શકે. શાશ્વત શાંતિની પણ સંપ્રાપ્તિ કરે. પોતાના જીવનને કૃતાર્થ બનાવે. ભગવાન પણ દુરાચારીને માટે પોતાના દરવાજા બંધ કરતા નથી તો પછી માનવે શા માટે પોતાના દરવાજા બંધ કરવા જોઇએ. માનવે પણ પોતાના હૃદયને બને તેટલું વિશાળ, બને તેટલું ઉદાર અને સહાનુભૂતિથી સંપન્ન રાખવું જોઇએ. દુરાચારીનો જો તિરસ્કાર જ કરવામાં આવે તો પછી એને સુધરવાની આશા રહે નહીં. કદાચ એ વધારે નિરાશ થઇ જશે, હતાશ બની જશે, અને પછી એનો સુધાર કેવી રીતે થઇ શકશે? માનવ ધીરે ધીરે વિકાસ સાધે છે, કોઇ ઝડપથી પણ વિકાસ સાધે છે. જેવી જેની ગતિ છે, તેવી તેની પ્રગતિ છે. જેવી જેની મતિ છે તેવી તેની ગતિ છે. જેવી જેની મતિ તથા ગતિ છે તેવી તેની પ્રગતિ છે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

# * સંતદર્શનની વૈજ્ઞાનિક રીત *

કેટલાક માણસો સંતપુરુષોના દર્શને જાય છે પણ કોઈ ખાસ હેતુ વિના. કેટલાક કેવળ દર્શન માટે જાય છે, કેટલાક કોઈ શંકાનું સમાધાન કરવા, તો કોઈ પ્રશ્નાદિ પૂછવા. માણસ કોઈ પણ હેતુથી પ્રેરાઈને સંતપુરુષના દર્શન માટે જાય, પરંતુ તે હેતુની પૂર્તિ તરફ તેનું ધ્યાન રહેવું જોઈએ ને તેની પૂર્તિ વહેલામાં વહેલી તકે કરી લઈને સંતની પાસેથી વિદાય લેવા તેણે સદાયે તૈયાર રહેવું જોઈએ. સંતપુરુષનો સમય ઘણો કીમતી છે એમ સમજીને કોઈ યે પ્રકારના જરૂરી હેતુ વિના જરૂરથી વધારે વખત તેમની પાસે બેસી રહેવાની વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. પણ ખેદની વાત છે કે વધારે ભાગના માણસો એ વાતને વારંવાર વિસરી જાય છે ને સંતોની પાસે કલાકો લગી નકામી ગિરદી કરીને બેસી રહે છે. કેટલાક માણસો તો સંતસમાગમના મહિમાને ભૂલી જઈને વિનાપૂછ્યે પોતાની વ્યાવહારિક વાતો કરવા મંડી જાય છે અને અંદર અંદર વાતોની શરૂઆત કરે છે. ત્યારે વાતાવરણ ઘણું બેહૂદું લાગે છે. સંતદર્શનની વૈજ્ઞાનિક રીત શીખવાથી પોતાનો ને સંતપુરુષનો ઘણો ઘણો કીમતી સમય બચાવી શકાશે એમાં સંદેહ નથી.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.